ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૩ અંક : ૧૩૨ | વિક્રમ સંવત ૨૦૮૧ : માગશર વદ ૦૬ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 132 • Dt. 21-12-2024 Saturday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

વરુણ ધવનનો એક્શન અવતાર 'બેબી જોન'માં જોવા મળશે



P.07

તબ્બુ છુપી રુસ્તમ નીકળી હોલીવુડમાં ડંકો વગાડ્યો

**21 DECEMBER- 2024 SATURDAY**

## રાજસ્થાન જયપુરનના ભાંકરોટામાં પેટ્રોલ પંપ પર સીએનજી ટેન્કરમાં વિસ્ફોટ થયો




07

## દક્ષિણ પશ્ચિમ નાઈજિરિયામાં સ્કૂલ દ્વારા આયોજિત ફનફેરમાં ધક્કામુક્કી



07





















પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

મારો વિસ્તાર મારો અવાજ

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Saturday
21-12-2024


લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬

## દિલ્હી પોલીસે દુષ્કર્મના આરોપીને સુરતથી દબોચ્યો

। પ્રતિનિધિ, સુરત, તા. ૨૦ ।

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાંચ ટીમે દુષ્કર્મના એક આરોપીને ૧૫૦૦ કિલોમીટર સુધી પીછો કરીને ગુજરાતના સુરતથી ઝડપી લીધો હતો. ૨૫ વર્ષીય આરોપીનું નામ કુલદીપ છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે, એફઆઈઆર નોંધાયા બાદથી કુલદીપ ફરાર હતો. તેને ભાગેડું જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જોક ૧૬ ડિસેમ્બરના રોજ આરોપી સુરતના જય અંબે નગરમાં છુપાયો હોવાની ગુપ્ત જાણકારી મળી હતી. જે બાદ પોલીસે આવીને વૉચ ગોઠવી હતી અને આરોપી તે જ હોવાની પુષ્ટિ થયા બાદ ધરપકડ કરવામાં આવી હતી. દિલ્હીના બાગવાન પુરામાં કામ કરતી મહિલાએ આરોપી કુલદીપ સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપી અને પીડિતા વચ્ચે મિત્રતા હતી અને બંને સાથે કામ કરતા હતા. જેનો ફાયદો ઉઠાવી કુલદીપે કથિત રીતે તેને નશીલો પદાર્થ આપીને દુષ્કર્મ કર્યું હતું. તેમજ અશ્લીલ ફોટા અને વીડિયો લઈ લીધા હતા.

## યુકે વિઝાના બહાને રૂપિયા ૨૪.૫૦ લાખની ઠગાઇ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

યુકે વિઝાના બહાને ૨૪.૫૦ લાખની ઠગાઈ કેસમાં યુકેના યુવક સહિત ૯ સામે ફરિયાદ નોંધાઈ છે. આ મામલે નરોડા પોલીસે તપાસ આરંભી છે. નોંધનીય છે કે, અગાઉ મોડાસામાં પણ આ જ રીતે ઠગાઈ આચર્યાનું બહાર આવ્યું હોવાની જાણ નરોડાના આધેડને થતા તેમણે પણ પોલીસ ફરિયાદ નોંધાવી છે. નરોડામાં ૪૯ વર્ષીય ચેતનભાઈ ઈન્દ્રવદન પરમાર પરિવાર સાથે રહે છે. ચેતનભાઈની મોટી દીકરી વનિતાને વિદેશ જવું હતું. વર્ષ ૨૦૨૩માં ચેતનભાઈએ તેમના ફ્લેટમાં રહેતા બ્રિજેશભાઈને મળ્યા હતા. બ્રિજેશભાઈ પહેલાંથી લોકોને વિદેશ મોકલવાનું કામ કરતા હતા. દીકરીને વિદેશ મોકલવા બ્રિજેશભાઈએ ૨૨ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ તેમના ઘરે બેઠક રાખી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, મારો ભાણો આદિત્ય અતુલભાઈ દવે હાલ યુ.કે.માં છે અને તે આ કામમાં એક્સપર્ટ છે.

### અમદાવાદમાં દિવસે ને દિવસે લુખ્ખા તત્ત્વોનો આતંક વધતો જાય છે

# અમદાવાદ પોલીસ ઉપર ઊઠ્યાં । સવાલ બાપુનગર બાદ હવે અસારવામાં લુખ્ખાઓનો આતંક જોવા મળ્યો

**અસારવા બ્રીજ નીચે કુબેરપુરા ભીલવાસમાં કેટલાક અસામાજિક તત્ત્વોએ સરેઆમ જાહેરમાં ઉઘાડી તલવાર રાખી સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાવ્યો**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદમાં દિવસે ને દિવસે લુખ્ખા તત્ત્વોનો આતંક વધતો જાય છે. માથાભારે તત્ત્વોને કાયદાનો ડર રહ્યો નથી હોય તેવું લાગી રહ્યું છે. હજુ તો રખિયાલ અને બાપુનગરમાં આતંક મચાવવાની ઘટનાને ચોવીસ કલાક પણ પુરા થયા ન હતા ત્યાં તો અમદાવાદના અસારવા બ્રીજ પાસે કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા ખુલ્લેઆમ ઉઘાડી તલવારો લઈ સ્થાનિક રહીશોમાં ભય ફેલાવતાં હોવાનો વીડિયો વાયરલ થયો હતો. વીડિયોને જોતા લાગે છે કે તોફાની તત્વોને પોલીસનો પણ ભય રહ્યો નથી. વીડિયો વાયરલ થતાં શાહીબાગ પોલીસ હરકતમાં આવી ગઈ હતી અને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.






અમદાવાદના અસારવા બ્રીજ નીચે કુબેરપુરા ભીલવાસમાં કેટલાક અસામાજિક તત્ત્વોએ સરેઆમ જાહેરમાં ઉઘાડી તલવાર રાખી સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાવતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. ઘટનાની જાણ થતાં શાહીબાગ પોલીસ એલર્ટ થઈ ગઈ હતી અને તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ વીડિયોમાં દેખાતા વિશાલ ઉર્ફે રામ દિનેશભાઈ ઢુંઘીયા અને સુરેશ ઉર્ફે મનુભાઈ ભીલ (રાણા)ને પકડી પાડી તેમના વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બંને આરોપીઓ વિરૂદ્ધ અગાઉ પણ ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. વિશાલ ઉર્ફે રામ વિરૂદ્ધ ૧૩ ગુના નોંધાયેલા છે. જ્યારે સુરેશ ભીલ વિરૂદ્ધ પાસા વિરૂદ્ધ ૧૦ ગુના નોંધાઈ ચૂક્યા છે. શાહીબાગ પોલીસે આ બંને ધરપકડ કર્યા બાદ તેમને સાથે રાખી ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કર્યું હતું. પોલીસે આરોપીઓ પાસે જાહેરમાં નાગરીકો પાસે માફી મંગાવી હતી અને કાયદાનું ભાન કરાવ્યું હતું. અમદાવાદમાં દિવસે ને દિવસે લુખ્ખા તત્ત્વોનો આતંક વધતો જાય છે. માથાભારે તત્ત્વોને કાયદાનો ડર રહ્યો નથી હોય તેવું લાગી રહ્યું છે. હજુ તો રખિયાલ અને બાપુનગરમાં આતંક મચાવવાની ઘટનાને ચોવીસ કલાક પણ પુરા થયા ન હતા ત્યાં તો અમદાવાદના અસારવા બ્રીજ પાસે કેટલાક અસામાજિક તત્ત્વો દ્વારા ખુલ્લેઆમ ઉઘાડી તલવારો લઈ સ્થાનિક રહીશોમાં ભય ફેલાવતાં હોવાનો વીડિયો વાયરલ થયો હતો. વીડિયોને જોતા લાગે છે કે તોફાની તત્વોને પોલીસનો પણ ભય રહ્યો નથી. વીડિયો વાયરલ થતાં શાહીબાગ પોલીસ હરકતમાં આવી ગઈ હતી અને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડી કાયદાનું ભાન કરાવ્યું હતું.

## રાજ્યમાં ૪ હજાર નકલી અને ૧૨૮૧ બોગસ ડોક્ટર

। પ્રતિનિધિ, સુરત, તા.૨૦ ।

સુરતમાં નકલી ડિગ્રી કૌભાંડ મુદ્દે મોટો ઘટસ્ફોટ થયો. કૌભાંડની તપાસમાં રાજ્યમાં ૪ હજાર નકલી ડોક્ટર અને ૧૨૮૧ બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરતા હોવાનું સામે આવ્યું. આ નકલી ડોક્ટરો કૌભાંડના તાર સુરત નહિ પરંતુ અમદાવાદ સુધી ફેલાયેલા છે. થોડા દિવસ પહેલા એક બાળકીના મૃત્યુ બાદ નકલી ડોકટરોનો પર્દાફાશ થયો. બોગસ ડિગ્રી લઈ બોગસ ડોક્ટર ઉભા થયા છે જેમાં એક અને એકસો નહિ પરંતુ આ આંકડો હજ્જારો સુધી છે. ૭૦ હજાર રૂપિયા આપી નકલી ડિગ્રી મેળવવાનું કૌભાંડ થતું હોવાનો ઘટસ્ફોટ થતા રાજ્યમાં વધુ એક નકલીના કારોબારનો વેપલો થઈ રહ્યો છે.સુરત પોલીસે પકડેલા મુખ્ય સૂત્રધારોની તપાસમાં ઘટસ્ફોટ થયો કે ૧૨૮૧ બોગસ ડોક્ટર પ્રેક્ટિસ કરી રહ્યા છે જ્યારે ૨૭૧૯ નકલી ડિગ્રી ધરાવતા ડોકટરોનું કોઈ અત્તોપતો નથી. મહત્વના બે શહેરો એવા અમદાવાદ અને સુરતમાં નકલી ડિગ્રી કૌભાંડના ખેલ ખેલાયો છે. ડોક્ટર બનવા જરૂરી પરીક્ષા નહી પરંતુ ફક્ત ૭૦ હજાર આપી નકલી ડિગ્રી મેળવવામાં આવે છે. રાજ્યનું એકપણ શહેર કે જિલ્લો બાકી નથી જયાં નકલી ડિગ્રી આપી ન હોય. ૪ હજાર નકલી ડોકટરો ફક્ત ગુજરાતમાં છે.

### ઘાયલ પશુ પક્ષીઓની સારવાર માટે બહેરામપુરામાં

# દાનેવ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતનું પ્રથમ એવું મોડ્યુલર ઓપરેશન થિયેટર બનાવ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા. ૨૦ ।

અમદાવાદ શહેરમાં બહેરામપુરા માં આવેલ દાનેવ ફાઉન્ડેશન સંસ્થા દ્વારાઅબોલ પશુ પક્ષીઓની સારવાર માટે આધુનિક સુવિધાથી સજ્જ એવી હોસ્પિટલ બનાવવામાં આવી છે જેમાં ગુજરાત રાજ્યમાં પ્રથમ એવું મોડ્યુલર ઓપરેશન થિયેટર, વેન્ટિલેટર, સોનોગ્રાફી મશીન, ફ ઝ છઈર મશીન,એક્સ રે મશીન એનિમલ એમ્બ્યુલન્સ, ફિઝિયોથેરાપી માટેના નાના-મોટા અનેક ઉપકરણો નો સમાવેશ આ હોસ્પિટલમાં કરવામાં આવ્યો છે જેના કારણે અબોલ જીવોની ચોકસાઈપૂર્વક સારવાર કરવામાં આવે છે. દાનેવ ફાઉન્ડેશન દ્વારા ૨૦૧૭ થી અબોલ



જીવોની નિસ્વાર્થ સેવા કરવામાં આવી રહી છે એમ સંસ્થાના અગ્રણી એવા પૂર્વીબેન રાહુલભાઈ શાહે એક વાતચીતમાં જણાવ્યું હતું ઘાયલ પશુ પક્ષીઓની સારવાર ઉપરાંત કેટલીક સેવાકીય અન્ય પ્રવૃત્તિઓ પણ સંસ્થા દ્વારા કરવામાં આવી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આરોથી શુદ્ધ કરેલ ઠંડા પાણીની પરબ ૩૬૫ દિવસ ચાલુ હોય છે. આ વિસ્તાર મજુર વર્ગ હોવાથી છેલ્લા એક વર્ષની નિશુલ્ક ખીચડી નું પણ વિતરણ કરવામાં આવે છે. અગત્યની વાત કરતા તેમને જણાવ્યું કે અમે રોટી બેંક શરૂ કરી છે એમાં ઘરમાં વધેલી રોટલી ને એકત્રીત કરી રસ્તે રખડતાં શ્વાનો ને ભોજન પૂરું પાડવામાં આવે છે

## સુરતનું ઈચ્છાપોર પોલીસ સ્ટેશન બન્યું દેશનું શ્રેષ્ઠ પોલીસ સ્ટેશન

। પ્રતિનિધિ, સુરત, તા. ૨૦ ।

દર વર્ષે ડીજીપી કોન્ફરન્સમાં દેશના શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશનની પસંદગી કરવામાં આવે છે. આ વર્ષે, ગુજરાતના સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને ‘‘દેશના શ્રેષ્ઠ ૫ પોલીસ સ્ટેશન’’નું બિરુદ આપવામાં આવ્યું છે. ઓડિશામાં આયોજિત ત્રણ દિવસીય ડીજીપી કોન્ફરન્સમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા ઈચ્છાપુર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર અનિરુદ્ધ સિંહ ગોહિલને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.દર વર્ષે ડીજીપી કોન્ફરન્સમાં દેશના શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશનની પસંદગી કરવામાં આવે છે. આ વર્ષે સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશનને આ એવોર્ડ મળ્યો ત્યારે ગુજરાત માટે ગૌરવની ક્ષણ બની છે. દર વર્ષે ડીજીપી કોન્ફરન્સમાં દેશના શ્રેષ્ઠ ૧૦ પોલીસ સ્ટેશનની પસંદગી કરવામાં આવે છે. આ માટે કેસની તપાસ, નિવારણ, જાહેર સેવાઓ, કાયદો અને વ્યવસ્થાનું પાલન, જનસંપર્ક અને પેન્ડિંગ કેસોની સંખ્યા સહિત અનેક માપદંડો નક્કી કરવામાં આવ્યા છે.

## યુકેની મહિલાની રિક્વેસ્ટ વૃદ્ધે સ્વીકારી, ૧.૨૯ કરોડ ગુમાવ્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૦ ।

આનંદનગરના વૃદ્ધે એફબી પર આવેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ એક્સેપ્ટ કરી અને સાયબર ગઠિયાનો ભોગ બની ૧.૨૯ કરોડ ગુમાવ્યા છે. યુકેની કથિત નિશ વિલિયમ્સની ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકાર્યા બાદ તેની સાથે મિત્રતા થઈ. નિશ વિલિયમ્સે પોતાની માતા રાજસ્થાનની હોવાનું કહી પોતે ભારત આવી રહી છે તેમ આધેડને જણાવ્યું હતું. બીજા જ દિવસે દિલ્હી એરપોર્ટ ઓથોરિટીનો ખોટો ફોન આવ્યો અને વૃદ્ધને જણાવવામાં આવ્યું ,કે તમારી મહિલા મિત્ર ૮૦ હજાર પાઉન્ડ સાથે ઝડપાઈ છે. જો મનિલોન્ડરિંગ કે ટેરર ફંડના કેસમાં ન પડવું હોય તો ડબલ રૂપિયા આપવા પડશે. ડરી ગયેલા વૃદ્ધે સાયબર ગઠિયાઓએ જેમ આદેશ કર્યો તેમ તેમના કહ્યા મુજબના ખાતામાં રૂ. ૧.૨૯ કરોડ ટ્રાન્સફર કરી દીધા હતા.આનંદનગરમાં રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા પ્રફુલ્લચંદ્ર શાહ એફબી પર એક્ટિવ છે.



ઊંઝા પંથકમાં બનાવટી જીરું બનાવવાની પ્રવૃત્તિ સામે લાલ આંખ

# રેડમાં લેવાયેલા જીરુંના નમુના અનસેફ જાહેર થતાં કોર્ટમાં ૪ કેસ દાખલ કરાયા

**આ કેસમાં શંકાસ્પદ જીરું, વરિયાળીનું ભૂસું, બ્રાઉન પાવડર, ગોળની રસી વગેરે કુલ રૂ.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ સીઝ કરાયો હતો**

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૦ ।

મહેસાણા ફૂડ વિભાગે ગત વર્ષે ઊંઝા પંથકમાં કુલ સ્થળે કરેલી રેડ દરમિયાન લેવાયેલા શંકાસ્પદ જીરું સહિતના નમુના અનસેફ (બિન આરોગ્યપ્રદ) જાહેર થતાં ફૂડ વિભાગે સંબંધિત જવાબદારો સામે ઊંઝાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં અલગ અલગ ચાર ક્રિમિનલ કેસ દાખલ કર્યા છે. મહેસાણા ફૂડ વિભાગના ડેજીગ્નેટેડ ઓફિસર વી.જે.ચૌધરીએ જણાવ્યા મુજબ ફૂડ વિભાગે તા.૧૭-૫-૨૦૨૩ના રોજ ઊંઝા તાલુકાના સુણક ખાતે મે.સુજીતકુમાર ઈશ્વરલાલ પટેલની ફેક્ટરીમાં કરેલી રેડ દરમિયાન વિવિધ નમુના લેવાયા હતા. જેમાં જીરૂ (લુઝ), મિક્સ પાવડર (એડલ્ટ્રન્ટ) અને ગોળની રસી (લુઝ)ના નમુના અનસેફ જાહેર થતાં ઊંઝાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં બે અલગ અલગ ક્રિમિનલ કેસ તા.૧૩-૧૧-



૨૦૨૪ના રોજ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યારે તા.૧૧-૧૨-૨૦૨૩ના રોજ ઊંઝાના ગંગાપુરા રોડ પર વેરાઈ માતાજીના મંદિર નજીક પટેલ ધર્મેશકુમાર અંબાલાલના ગોડાઉનમાં કરેલી રેડ દરમિયાન લેવાયેલા નમુના પૈકી બનાવટી જીરૂ (લુઝ), મિક્સ પાવડર અને ગોળની રસી અનસેફ જાહેર થયા હતા. જેથી આ કિસ્સામાં પણ ઊંઝાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં બે અલગ અલગ ક્રિમિનલ કેસ દાખલ કરાયા છે. ઉલ્લેખનિય છે કે, આ કેસમાં કલમ-૫૯, કલમ-૫૭ હેઠળ જેલની સજાને પાત્ર ગુનો બને છે.ઊંઝાના

રામપુરાથી દાસજ રોડ વચ્ચે (ગંગાપુરા રોડ) પર આવેલી ઉમા એન્ટરપ્રાઈઝ ફેક્ટરીમાં પટેલ મહેશભાઈ નટવરભાઈ અને પટેલ ભાર્ગવકુમાર પ્રવિણભાઈ વરિયાળીમાંથી બનાવટી જીરું અને કલરવાળી વરિયાળી બનાવતા હોવાની બાતમીના આધારે મહેસાણા એલસીબીની ટીમે ગત ૨૬-૧૦-૨૦૨૪ના રોજ ત્યાં રેડ કરી હતી. આ કેસમાં શંકાસ્પદ જીરું, વરિયાળીનું ભૂસું, બ્રાઉન પાવડર, ગોળની રસી વગેરે કુલ રૂ.૮૧ લાખથી વધુનો મુદ્દામાલ સીઝ કરાયો હતો અને ફૂડ વિભાગના અધિકારીઓએ વિવિધ આઠ નમુના લીધા હતા. જે પૈકી કેટલાક નમુનાનું પરિણામ બાકી છે, જ્યારે વરિયાળી (લુઝ) અનસેફ, જીરૂ (લુઝ) અનસેફ અને સબ સ્ટાન્ડર્ડ તેમજ નાની વરિયાળી (લુઝ) (એડલ્ટ્રન્ટ) સબ સ્ટાન્ડર્ડ હોવાનું જાહેર થયું છે. આ કિસ્સામાં પણ સંબંધિતો સામે પગલાં લેવાશે. ફૂડ વિભાગે તા.૧૭-૫-૨૦૨૩ના રોજ ઊંઝા તાલુકાના સુણક ખાતે મે.સુજીતકુમાર ઈશ્વરલાલ પટેલની ફેક્ટરીમાં કરેલી રેડ દરમિયાન વિવિધ નમુના લેવાયા હતા.

૯ કરોડથી વધુનું ૧૫ કિલો જેટલું સોનું કબજે કરાયું

# સુરત શહેરમાં કરોડોનું સોનું ઝડ્પાયું, ૨ આરોપીની ધરપકડ

। સુરત, તા.૨૦ ।

સુરતના સારોલી વિસ્તારમાં પોલીસે એક મોટી કાર્યવાહી કરી છે. સારોલી પોલીસે સીમાડા ચેકપોસ્ટ પાસે વાહન ચેકિંગ દરમિયાન એક કારમાંથી રૂ. ૯ કરોડથી વધુની કિંમતનું ૧૫ કિલો સોનું જપ્ત કર્યું છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દીધી છે.પોલીસે આ મામલે ૨ આરોપીઓ હિરેન ભટ્ટી અને મનજી ધામેલીયાની ધરપકડ કરી છે. આરોપીઓ કારમાં કાપડની અંદર સોનું છુપાવીને મહિધરપુરાથી ઉભેળ ફેક્ટરીમાં લઈ જતા હોવાનું જણાવ્યું હતું. જોકે, આરોપીઓ પાસે સોનાના જરૂરી દસ્તાવેજો ન હોવાથી પોલીસે સોનું કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ હાલ આ મામલે વધુ તપાસ કરી રહી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ સોનું ક્યાંથી આવ્યું અને ક્યાં લઈ જવાનું હતું. આ સોનું કોનું છે અને આરોપીઓ આ કામ કોની સૂચના પર કરી રહ્યા હતા તે અંગે પણ તપાસ ચાલી રહી છે.સુરત પોલીસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, ''આ એક મોટો જપ્તીનો બનાવ છે. આરોપીઓ પાસેથી સોનાના કોઈ દસ્તાવેજો મળ્યા નથી. અમે આ મામલે વધુ તપાસ કરી રહ્યા છીએ અને આરોપીઓને કડક પૂછપરછ કરી રહ્યા છીએ.'' પોલીસ આ મામલે વધુ તપાસ કરશે અને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરશે. સુરતના સારોલી વિસ્તારમાં પોલીસે એક મોટી કાર્યવાહી કરી છે. સારોલી પોલીસે સીમાડા ચેકપોસ્ટ પાસે વાહન ચેકિંગ દરમિયાન એક કારમાંથી રૂ. ૯ કરોડથી વધુની કિંમતનું ૧૫ કિલો સોનું જપ્ત કર્યું છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દીધી છે.પોલીસે આ મામલે ૨ આરોપીઓ હિરેન ભટ્ટી અને મનજી ધામેલીયાની ધરપકડ કરી છે. આરોપીઓ કારમાં કાપડની અંદર સોનું છુપાવીને મહિધરપુરાથી ઉભેળ ફેક્ટરીમાં લઈ જતા હોવાનું જણાવ્યું હતું. જોકે, આરોપીઓ પાસે સોનાના જરૂરી દસ્તાવેજો ન હોવાથી પોલીસે સોનું કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક કારમાંથી રૂ. ૯ કરોડથી વધુની કિંમતનું ૧૫ કિલો સોનું જપ્ત કર્યું છે. આ ઘટનાએ સમગ્ર શહેરમાં ચકચાર મચાવી દીધી છે.પોલીસે આ મામલે ૨ આરોપીઓ હિરેન ભટ્ટી અને મનજી ધામેલીયાની ધરપકડ કરી છે

# હિંમતનગરમાં ભાજપના મંડલ પ્રમુખ બનવા કિન્નરની ઉમેદવારી

। માહિતી બ્યુરો, હિંમતનગર, તા.૨૦ ।

સાબરકાંઠા જિલ્લામાં ભાજપ સંગઠન દ્વારા નવુ સંગઠન બનાવવા માટેની ગતિવિધિઓ શરૂ કરી છે. હિંમતનગર, પ્રાંતિજ, તલોદ સહિતના વિધાનસભા વિસ્તારોમાં મંડલ પ્રમુખ તથા અન્ય પદાધિકારીઓની પસંદગી કરવા માટે નિરીક્ષકોએ મુલાકાત લીધી છે. ત્યારે હિંમતનગર શહેરમાં મંડલ પ્રમુખ બનવા માટે સ્નાતકનો અભ્યાસ કરતા એક શિક્ષિત કિન્નરે પણ ઉમેદવારી નોંધાવી છે. આ અંગે સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ, થોડાક દિવસ અગાઉ હિંમતનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના પદાધિકારીઓની નિમણુક કરવા માટે ઉમેદવારી કરવા માંગતા કાર્યકરો પાસે ઉમેદવારી પત્રો ભરાવ્યા હતા. જેમાં હિંમતનગર શહેરના ભાજપ સંગઠનમાં પ્રમુખ તરીકે જોડાવા માટે સોનલ દે નામના કિન્નરે જિલ્લા કાર્યાલયમાં જઈને પોતાની દાવેદારી નોંધાવી છે. તે પાછળ સોનલ દે નું માનવું છે કે, તેઓ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં સારા નરસા પ્રસંગોમાં જતા હોવાને કારણે વધુ લોકસંપર્ક ધરાવતા હોય છે. એટલું જ નહીં પણચૂંટણીપંચે પણ થર્ડ જેન્ડર તરીકે કિન્નરોને સ્થાન આપ્યું છે. ત્યારે હિંમતનગરના કિન્નરે શહેર પ્રમુખ માટે કરેલી દાવેદારી લોકોમાં ચર્ચાની એરણે ચઢી છે. એટલું જ નહી પણ સોનલ દે અત્યારે લોકસંપર્ક વધુ ધરાવતા હોવાને કારણે શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકોને સમસ્યાઓથી જાણકાર છે.







## તંત્રી લેખ..

# રાજનીતિમાં ચાપલુસી

રાજનીતિમાં ચાપલુસીની બોલબાલા હવે વધારે જોવા મળે છે. દેશના ૯૦ ટકા રાજકીય પક્ષોની ઓળખ વ્યક્તિ અથવા તો પરિવારના નામ પર થવા લાગી ગઈ છે. એટલે કે પાર્ટી નેતા બનાવતી નથી પરંતુ નેતા પાર્ટી બનાવે છે. રાજકીય પાર્ટીઓ પોતાની ખામી શોધવાના બદલે હમેંશા વિરોધ પક્ષની ખામી શોધતા રહે છે. ભારતીય રાજનીતિ પર ધ્યાન આપવામાં આવે તો આ પ્રકારનુ ચિત્ર ઉપસી આવે છે. અહીં મોટા ભાગના નેતા ચાપલુસ પસંદ જ નજરે પડે છે. આનુ કારણ સીધુ અને સ્પષ્ટ છે. દેશના ૯૦ ટકા રાજકીય પક્ષોની ઓળક હવે વ્યક્તિ અથવા તો પરિવારના નામ પર થવા લાગી ગઈ છે. એટલે કે પાર્ટી નેતા બનાવતા નથી બલ્કે નેતા પાર્ટી બનાવે છે. દેશની બે મોટી રાજકીય પાર્ટી હોય કે પછી નાના પ્રાદેશિક પક્ષો હોય. તમામમાં આ સ્થિતી જોવા મળે છે. તમામ જગ્યાએ વાર્તા એક સમાન છે. ભાજપના દાખલાને જ લેવામાં આવે તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સામે બોલવાની હિમ્મત કોણ કરી શકે છે. પાર્ટીમાં રહેવુ છે તો મોદીની હામાં હા તો કરવી જ પડશે. કોંગ્રેસમાં સોનિયા ગાંધી અને રાહુલની ઈચ્છાને જ પાર્ટીની ઈચ્છા તરીકે ગણવામાં આવે છે. બહુજન સમાજ પાર્ટીમાં માયાવતીની વાત ફાઈનલ ગગણવામાં આવે છે. જ્યારે જેડીયુમાં નીતિશ કુમારની સામે બોલવાની હિમ્મત કોણ કરી શકે છે. આવી જ રીતે સમાજવાદી પાર્ટીમાં મુલાયમ અને અખિલેશની વાત ફાઈનલ હોય છે. આવી જ સ્થિતી તૃણમુળ કોંગ્રેસ, અકાળી દળ, અન્નાદ્રમુક અને ડીએમકેની પણ છે. આ તમામ રાજકીય પક્ષોમાં એક વ્યક્તિની બોલબાલા જ જોવા મળે છે. માત્ર ડાબેરીઓને છોડી દેવામાં આવે તો તમામ રાજકીય પક્ષોની સ્થિતી એક સમાન છે. આવી સ્થિતીમાં આમ આદમી પાર્ટીની ચાપલુસી કરવાનો કોઈ મતલબ નથી. રાજનીતિમાં હાલ છેલ્લા કેટલાક વર્ષોમાં કડવાસની સ્થિતી જોવા મળી રહી છે. આના કારણ પૈકી એક કારણ તરીકે આને સરળતાથી ગણી શકાય છે. આજે વિચારધારા અને સિદ્ધાંતોની જગ્યાએ ચર્ચા માત્ર ચહેરાની થઈ રહી છે. રાજનીતિ માટે કેટલાક નિરાશાજનક સંકેત દેખાઈ રહ્યા છે. રાજનીતિમાં યશ મેનની જગ્યાએ સ્વતંત્ર વિચાર પાર્ટી મંચ પર નેતાઓ મુકે તે જરૂરી છે. રાજકીય પક્ષોએ પરિવારવાદ અને ચાપલુસીની પ્રથાથી ઉપર ઉઠીને લોકોની સેવા કરવા માટે પ્રયાસ કરવા જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક વાત સારી કહી છે કે કોઈ નેતાએ તેમના સગા સંબંધીઓ માટે કોઈ ભલામણ કરવી જોઈએ નહીં. છેલ્લા એક દશકમાં કેટલાક સમીકરણ બદલાયા છે. કોરોના કાળમાં સ્થિતી વધારે સારી બની રહી છે. દેશના લોકો પણ હવે મતદાન કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં લઈ લે છે. લોકો સારી રીતે જાણે છે કે તેમના હિતમાં અને દેશના હિતમાં કોણ કામ કરી રહ્યા છે. દિલ્હી વિધાનસભાની ચૂટણી અને હાલમાં યોજાયેલી બિહાર વિધાનસભાની ચૂંટણીથી કેટલીક બાબતો બિલકુલ સ્પષ્ટ પણે ઉભરીને સપાટી પર આવી છે. રાજકીય પક્ષોના નેતાઓ જો ઈમાનદારી પૂર્વક આગળ વધશે તો તેમની છાપ લોકોમાં સારી બની શકે છે.

# મલ્ટીટાસ્કિંગ પ્રક્રિયા નુકસાન કરે છે

**ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરી ઓછી હોય છે : સંબંધો સાથે સંબંધિત સમસ્યા પણ ઉભી થઇ રહી હોવાના દાવા થઇ ચુક્યા છે**

વર્તમાન સમયમાં મોટા ભાગના લોકો મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વેળા મલ્ટીટાસ્કિંગ કરતા રહે છે. એટલે કે મોબાઈલ ફોનનો ઉપયોગ કેટલાક અન્ય કામની સાથે થતો રહે છે. આધુનિક લાઈફસ્ટાઈલ વ્યક્તિની આ પ્રકારની બની ગઈ છે. જેના કારણે કોઈ પણ વ્યક્તિને નુકસાન થાય છે. મલ્ટીટાસ્કિંગને લઈને શ્રેણીબદ્ધ અભ્યાસ અને સર્વેના તારણ જારી કરવામાં આવી ચુક્યા છે. વર્તમાન સમયમાં અમે ટીવી નિહાળતા નિહાળતા, કામ કરતા કરતા અને ભોજન કરતી વેળા પણ મલ્ટીટાસ્કિંગ કામ કરતા રહીએ છીએ. જેમ કે કેટલાક લોકો ગેમ્સ રમતા રહે છે.

કેટલાક લોકો સોશિયલ મિડિયા ચેક કરતા નજરે પડે છે. તો કેટલાક લોકો ફિલ્મ નિહાળતા નજરે પડે છે. કેટલીક વખત તો અમે અન્ય વ્યક્તિ સાથે ફોન પર વાત કરતી વેળા અન્યની સાથે વાત કરતા રહીએ છીએ. અમને લાગે છે કે અમે કોઈ પણ તકલીફ વગર કેટલાક કામો રહી શકીએ છીએ. જો કે વાસ્તવિકતા એ છે કે મલ્ટીટાસ્કિંગની બાબત ખુબ ખતરનાક છે. કેટલાક નવા અભ્યાસમાં બાબતો ખુલીને સપાટી પર આવી છે. મલ્ટીટાસ્કિંગના ખતરા વધી રહ્યા છે. તાજેતરમા જ કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો સારા મીડિયા મલ્ટીટાસ્કર હોય છે તેમના દિમાદના ગ્રે મૈટર ઓછા હોય છે. આના કારણે મોટિવેશન અને ઈમોશન પર નિયંત્રણ સાથે સંબંધિત ક્ષેત્રોમાં કમી જોવા મળે છે. મેમોરીની સમસ્યા પણ રહેલી છે. વર્ષ ૨૦૨૩માં કરવામાં આવેલા એક અભ્યાસમા 'દાવો કરવામાં આવ્યો છે કે ક્રોનિક મીડિયા મલ્ટીટાસ્કરમાં મેમોરીની કમી હોય છે. સુચનાને સ્ટોર કરવાની ક્ષમતામાં ઘટાડો થઈ જાય છે. સાથે સાથે લોંગ ટર્મ મેમોરીની ક્ષમતામાં સ્પષ્ટ રીતે કમી જોવા મળે છે. કેટલાક લોકો હમેશા એવી બાબતને લઈને ખુશ રહે છે કે મલ્ટીટાસ્કિંગના કારણે તેઓ ઓછા સમયમાં એક કરતા વધારે કામ કરી નાંખે છે. જ્યારે વાસ્તવિકતા આ બાબત પર આધારિત નથી. મલ્ટીટાસ્કિંગના કારણે આપને કેટલાક પ્રકારના નુકસાન થઈ શકે છે. શોધ કરનાર લોકો આને ટેકનોફેરેન્સ કહે છે. જ્યારે તમે ફોન પર લાગેલા રહો છો અથવા તો અન્ય સાથે ફોન પર વ્યસ્ત રહો છો ત્યારે તેના કારણે સંબંધ સાથે સંબંધિત સમસ્યા ઉભી થાય છે. મલ્ટીટાસ્કિંગના કારણે સંબંધોમાં ઉભી થનાર તિરાડ વધારે ખતરનાક બની જાય છે. આના કારણે સંતુષ્ટિ ઓછી જોવા મળે છે. કોલેજના વિદ્યાર્થીઓને આવરી લઈને કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે.



**આજકાલ**
લેખક : દીપક જગતાપ

### રાષ્ટ્રીય ગણિત દિવસ અને ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજન

**ગણિતના સંદર્ભમાં આ ભારતીય દ્રષ્ટિકોણને આગળ ધપાવ્યું હતું આ મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ અયંગર રામાનુજનને આજે પણ સમગ્ર વિશ્વ યાદ કરે છે, ઈ.સ. ૧૯૧૬માં તેઓએ ગણિતમાં બી.એસસી.ની ડિગ્રી મેળવી. ઈ.સ. ૧૯૧૭ માં તેમને લંડન મેથેમેટિકલ સોસાયટી માટે પસંદ કરવામાં આવ્યા**

# શ્રીનિવાસ રામાનુજને ફક્ત ૩૨ વર્ષની ઉંમરમાં ૪ હજારથી વધુ ગણિતના સિધ્ધાંતો પર સંશોધન કર્યું


**રામાનુજને કોઈ મદદ વિના હજારો રિઝલ્ટ સૂત્રો કે સમીકરણોનાં સ્વરૂપે સંકલિત કર્યા. જેમાં ઘણા મૌલિક હતા જેમ કે રામાનુજન પ્રાઈમ, રામાનુજન થીટા ફંક્શન, વિભાજન સૂત્ર અને મોક થીટા ફંક્શન વગેરે. તેઓએ ડાઈવરજેન્ટ સિરીઝ પર પોતાનો સિદ્ધાંત પણ આપ્યો**

ભારતમાં દર વર્ષે ૨૨ ડિસેમ્બરે રાષ્ટ્રીય ગણિત દિવસ ઉજવવામાં આવે છે.જેની ભવ્ય ઉજવણી પણ દેશભરમા થઈ.આ ખાસ દિવસ ભારતના મહાન ગણિતશાસ્ત્રી રામાનુજનના જન્મદિવસ પર ઉજવવામાં આવે છે.

જેમણે ગણિતના ક્ષેત્રમાં અજોડ યોગદાન આપ્યું છે. ગણિતના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ, ભારત સરકારે તેમના જન્મદિવસને રાષ્ટ્રીય ગણિત દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી. આજે આપણે ગણિતશાસ્ત્રી રામાનુજન વિશે જાણવાનો પ્રયત્ન કરીએ. શ્રીનિવાસ રામાનુજનનો જન્મ ૨૨ ડિસેમ્બર ૧૮૮૭ના રોજ મદ્રાસમાં મદ્રાસ (ચેન્નઈ) થી ૪૦૦ કિમી દૂર ઈરોડમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.

બાળપણથી જ તેમને ગણિત પ્રત્યે ઘણો લગાવ હતો, રામાનુજન ગણિતમાં સારા નંબરો લાવતા હતા. ગણિતમાં જેટલો રસ હતો તેટલો અન્ય વિષયોમાં નહોતો. તે ગણિત સિવાયના અન્ય વિષયોમાં એટલા નબળા હતા કે તે નાપાસ થતા હતા.

રામાનુજનને ગણિત સિવાયના અન્ય વિષયોમાં કોઈ રસ નહોતો. તેઓ ૧૧ માં ધોરણમાં ગણિત સિવાયના તમામ વિષયોમાં નાપાસ થયા હતા. જે શાળામાં તેઓ ૧૨ માં ધોરણમાં નાપાસ થયા હતા તે શાળાનું નામ તેના નામ પર રાખવામાં આવ્યું. પિતા શ્રીનિવાસ આયંગર અને માતા કોમલ તમ્મલ. તેમને બાળપણથી ગણિતનો શોખ હતો. ૧૨ વર્ષની ઉંમરે, તેઓ ત્રિકોણમિતિમાં નિપુણ બન્યા, ૧૫ વર્ષની ઉંમરે, તેમણે એપ્લાઈડ મેથસમાં જ્યોર્જ શોબ્રિજ કરીને સિનોપ્સિસ ઓફ




એલીમેન્ટ્રી રિઝલ્ટની પ્રતિ પ્રાપ્ત કરી. પ્રાથમિક પરીક્ષામાં જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. ૧૯૦૪માં ગણિતમાં વિશેષ યોગદાન આપવા માટે તેમને રંગનાથ રાવ પુરસ્કાર મળ્યો.આ પછી તેને વધુ અભ્યાસ માટે શાળાઓમાંથી શિષ્યવૃત્તિ મળવા લાગી. માત્ર ૧૨ વર્ષમાં તેણે ત્રિકોણમિતિમાં મહારત મેળવી લીધી.૧૩ વર્ષની ઉંમરે તેઓ લંડન યુનિવર્સિટીના પ્રોફેસર એસ. આલે. લોનીનું ત્રિકોણમિતિ પરનું વિશ્વ વિખ્યાત પુસ્તક વાંચીને, તેમણે પોતાનો ગાણિતિક સિદ્ધાંત બનાવ્યો. તેમણે કોઈની મદદ વિના ખૂબ જ નાની ઉંમરે ઘણા પ્રમેયની રચના કરી. આ વિશેષ યોગદાન માટે ભારત સરકારે તેમને અનેક સન્માનોથી સન્માનિત કર્યા. આ પછી તેમણે ઘણા નવા ગાણિતિક સૂત્રો લખ્યા.

તેમનું બાળપણ ગરીબીમાં વીત્યું હતું. તે મિત્રો પાસેથી પુસ્તકો ઉછીના લઈને વાંચત હતા. નાણાકીય જરૂરિયાતો માટે, મદ્રાસ ટ્રસ્ટ પોર્ટની ઓફિસમાં ક્લાર્ક તરીકે કામ કર્યું. નોકરી દરમિયાન તેઓ ફ્રિ ટાઈમમાં ગણિતના પ્રશ્નો ઉકેલતા હતા. એકવાર એક અંગ્રેજે તેમના પત્રો વાંચ્યા, તે ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે રામાનુજનને ઓક્સફર્ડ યુનિવર્સિટી ભણવા મોકલ્યા. રામાનુજનથી પ્રભાવિત થઈને, રોયલ સોસાયટીએ તેમને વર્ષ ૧૯૧૮માં ફેલોશિપ આપી. રામાનુજન આ સન્માન મેળવનાર એશિયાના પ્રથમ વ્યક્તિ હતા. નંબર થિયરી પરના તેમના અદ્ભુત કાર્યને કારણે, તેમને 'સંખ્યાનો જાદુગર' કહેવામાં આવે છે. ૨૬ એપ્રિલ, ૧૯૨૦ના રોજ માત્ર ૩૩ વર્ષની વયે કુમ્બનમ ખાતે તેમનું અવસાન થયું હતું. ૧૯૦૮માં ૧૬ વર્ષની ઉંમરે જાનકી અમ્માલ સાથે લગ્ન કર્યા. પરંતુ તે પછી પણ ગણિતનો પ્રેમ ઓછો થયો નહીં. તેઓએ કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસર જી.એચ. હાર્ડીને કેટલાક ગણિતના સૂત્રો મોકલ્યા હતા, તેનાથી પ્રભાવિત થઈ તેણે રામાનુજનને લંડન બોલાવ્યા અને બન્નેએ ગણિત પર ઘણા સંશોધન કર્યા. તેમના સંશોધનનું બ્રિટિશરોએ સન્માન કર્યું અને તેને રોયલ સોસાયટીમાં સ્થાન મળ્યું. તે ટ્રિનિટી કોલેજની ફેલોશિપ પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય પણ બન્યા. વર્ષ-૨૦૧૫ માં રામાનુજનના જીવન પર 'The Man Who Knew Infinity' ફિલ્મ બની હતી. આ ફિલ્મમાં તેમનું પાત્ર દેવ પટેલે ભજવ્યું હતું. આ ફિલ્મ રોબર્ટ કેનિગલના પુસ્તક પર આધારિત હતી.

શ્રીનિવાસ રામાનુજનનું ૨૬ એપ્રિલ ૧૯૨૦ ના રોજ ખૂબ જ નાની ઉંમરે (૩૩ વર્ષ) ટીબી રોગને કારણે અવસાન થયું. ૨૬ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ, તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહે મદ્રાસ યુનિવર્સિટીમાં ભારતીય ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજનની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણીના ઉદઘાટન સમારોહ દરમિયાન ૨૨ ડિસેમ્બરે રાષ્ટ્રીય ગણિત દિવસની જાહેરાત કરી હતી.

#### ઉજવણીનો હેતુ

ગણિતશાસ્ત્રીઓ માને છે કે, માનવ જીવનના વિકાસમાં ગણિતનું ખૂબ મહત્વ છે. આ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ લોકોને ગણિત વિશે જાગૃત કરવાનો છે. વિશ્વ વિખ્યાત ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજને ગણિતને સરળ બનાવવા અને લોકોમાં તેની લોકપ્રિયતા વધારવા માટે ઘણા પ્રયત્નો કર્યા. તેને સરળતાથી સમજાવવા માટે ગણિતના શિક્ષકોને પણ તાલીમ આપવામાં આવી છે. આ દિવસને વિશેષ ઉજવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લોકોને ગણિત પ્રત્યે જાગૃત કરવાનો છે. આ દિવસે ગણિતના શિક્ષકો અને વિદ્યાર્થીઓને શિબિર તેમજ અન્ય મંચોના માધ્યમથી પ્રશિક્ષણ આપવામાં આવે છે. સાથે જ અમુક ક્ષેત્રોમાં ગણિત અને અનુસંધાન વગેરે પર ચર્ચા તેમજ ડિબેટ કરવામાં આવે છે. શ્રીનિવાસ રામાનુજને ફક્ત ૩૨ વર્ષની ઉંમરમાં ૪ હજારથી વધુ ગણિતના સિધ્ધાંતો પર સંશોધન કર્યું. શૂન્યનો આવિષ્કાર અને તેના સિદ્ધાંતોને ભારતે પરિભાષિત ભારતે કર્યું હતો, જે પેછી દુનિયામાં શેષ નંબરોનું મૂલ્યાંકન વધ્યું અને ગણિતને એક નવી દિશા મળી.



### લોકો જમ્મુ-કાશ્મીરની યુવા પેઢીના આદર્શ હોવા જોઇએ

**જ્યારે ગુલામ કાશ્મીરના લાખો વિસ્થાપિતો હજુ પણ ન્યાયની વાટ જોઇ રહ્યા છે તેમની સમસ્યાઓ અને માંગો પર પણ સરકારે સહાનુભૂતિ પૂર્વક વિચાર કરવાની જરૂર છે તેઓ આજ સુધી પોતાના નાગરિક અધિકારોથી જ નહીં, બલ્કે માનવ અધિકારોથી પણ વંચિત છે**

# આતંકીઓને જડબાતોડ જવાબ આપવામાં સક્ષમ ભારત

**જ્યાં સુધી એક લાખ કાશ્મીરી વિસ્થાપિતની સુરક્ષિત ઘરવાપસી ન થઈ જાય, ત્યાં સુધી વિધાનસભા ચૂંટણી કરાવવાની ઉતાવળ ન જ કરવી જોઈએ**

ખૂંખાર આતંકી સંગઠન લશ્કરે તૈયબાના કુખ્યાત મહોરા 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (ટીઆરએફ)એ થોડા વખત પહેલાં વડાપ્રધાન પુનર્વાસ પેકેજ અંતર્ગત કાશ્મીરમાં કાર્યરત ૫૬ કાશ્મીરી અલ્પસંખ્યકો (બિનમુસ્લિમો)ની યાદી જારી કરતાં તેમને ધમકી આપી હતી. હાલમાં તેણે ફરીથી એવા જ દસ બીજા લોકોની યાદી જારી કરી છે. ટીઆરએફ દ્વારા જારી યાદીમાં કાશ્મીરી અલ્પસંખ્યકોના નામની સાથે સાથે તેમના નવા અને જૂના કાર્યસ્થળોની પૂરતી વિગતો છે. જોવામાં આવે તો આ યાદી જમ્મુ-કાશ્મીરમાં હાલતને સામાન્ય બનાવવાની કેન્દ્ર સરકારની કોશિશોને નિષ્ફળ કરવાનું ષડયંત્ર છે. જો કાશ્મીરી વિસ્થાપિત અને પ્રવાસી ઘાટીથી ભાગી જાય તો આતંકીઓ અને તેમના આકાઓના મનસૂબા પૂરા થઈ જશે. તેથી ટીઆરએફની આ ધમકીની નોંધ લેવાની જરૂર છે. કાશ્મીરની હાલતને સામાન્ય બનાવવા માટે કેન્દ્ર સરકાર, ઉપરાજ્યપાલ શાસન અને તમામ સુરક્ષા એજન્સીઓ જોડાયેલી છે, પરંતુ જે પ્રકારે આ યાદી જારી થઈ છે અને તેમાં જે પ્રકારની ગોપનીય સૂચનાઓ છે, તે ચોંકાવનારી છે. તેનાથી ફરી સ્પષ્ટ થઈ ગયું છે કે આતંકીઓના સમર્થકોની



શાસન-પ્રશાસનમાં ઊંડી પહોંચ છે. આ જ લોકો કાયદા પસાર થવા છતાં અન્ય પ્રદેશવાસીઓને હજુ પણ રાજ્યમાં સંપત્તિ નથી ખરીદવા દેતા. તેમને ચિહ્નિત કરવા અને દંડિત કરવાનું જે કામ કરવામાં આવ્યું, તે અપૂરતું છે. આ કામને વધુ તત્પરતાથી કરવું પડશે.

અનુચ્છેદ ૩૭૦ અને ૩૫એને સમાપ્ત થયે ત્રણ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. આ દરમ્યાન કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીરમાં જમીની બદલાવ માટે અનેક કામ કર્યાં છે. તેનું સકારાત્મક પરિણામ પણ દેખાઈ રહ્યું છે. છતાં પણ સ્થિતિને સામાન્ય બનાવવા માટે ભારે કાર્યવાહી જરૂરી છે. ફક્ત કાશ્મીરી વિસ્થાપિતોને ઘાટીમાં નોકરી આપવી કે તેમની ઘરવાપસી કરાવવી પૂરતું નથી. ઉત્તર પ્રદેશ આવાસ વિકાસ પરિષદ અને હરિયાણા શહેરી વિકાસ ઓથોરિટીની તર્જ પર જમ્મુ-કાશ્મીર વિકાસ ઓથોરિટીની રચના કરીને કાશ્મીરના દરેક જિલ્લામાં સુવિધા સંપન્ન મોટા-મોટા રહેણાંક અને વ્યાવસાયિક પરિસર બનાવવા જોઈએ. આ પરિસરોમાં ન માત્ર કાશ્મીરી વિસ્થાપિતોને ભૂખંડ આપવામાં આવે, બલ્કે સેના અને અર્ધસૈનિક દળોના પૂર્વ કર્મીઓ પણ રાહત દરે ભૂખંડ આપવામાં આવે. આ જ પ્રકારે કાશ્મીરમાં નાના-મોટા ઉદ્યોગ સ્થાપિત કરવા અને પોતાનો રોજગાર શરૂ કરનારાઓને રાહત વ્યાજ દરે લોન અને સબસિડી આપવી જોઈએ. તેમણે કામ ધંધા કે વ્યવસાયથી મફત વીમા ઉપરાંત જીવન વીમાની સુવિધા પણ મળવી જોઈએ. સુગમ લાયસન્સ અને સસ્તા ભાવે શસ્ત્ર ઉપલબ્ધ કરાવવાં જોઈએ. તેનાથી આ પરિસરોમાં વસનારા લોકો પોતાની સુરક્ષા માટે ફક્ત સુરક્ષા દળો પર જ નિર્ભર નહીં રહે. પાછલી સદીના આખરી દાયકામાં લાલકૃષ્ણ અડવાણીના પ્રયાસોથી દરેક ગામના સ્થાનિક નાગરિક સમાજને જોડીને વિલેજ ડિફેન્સ કમિટીઓ (વીડીસી)નું ગઠન કરવામાં આવ્યું હતું. કાશ્મીર સંભાગમાં આ કમિટીઓની પુનઃરચનાની જરૂર છે. તેમને સાધનો, સંસાધનો અને સુવિધાઓથી સજ્જ કરવા જોઈએ. આ કમિટીઓ આતંકીઓને જડબાતોડ જવાબ આપવામાં સક્ષમ હશે અને વિશ્વાસ બહાલીનો આધાર બનશે. સીમા પારથી ઘૂસણખોરીને તો ભારતીય સુરક્ષા દળોની ચુસ્તતાએ ઘણી ઓછી કરી દીધી છે.

સરકારે હવાલા ફંડિંગની પણ કમર તોડી નાખી છે, પરંતુ હાલમાં એક નવી સમસ્યા ઊભરી રહી છે. આ સમસ્યા માદક પદાર્થોની તસ્કરી સાથે જોડાયેલી છે. પંજાબના રસ્તે જમ્મુ-કાશ્મીરમાં નશાનો કારોબાર ઝડપથી ફૂલીફાલી રહ્યો છે. આ કારોબારના તાર આતંકીઓ સાથે જોડાયેલા છે. આ આતંકી ફંડિંગ અને જમ્મુ-કાશ્મીરની યુવા પેઢીને બરબાદ કરવાની નવી રીત છે. સમય રહેતાં તેની લગામ કસવી પણ જરૂરી છે, નહિ તો આ અસાધ્ય રોગ બની જશે. તેની સાથે સાથે જમ્મુ-કાશ્મીરમાં અબ્દુલ્લા-મુફ્તી ખાનદાનથી ઈતર રાજકીય નેતૃત્વ ઊભું કરવાની પણ કોશિશ થવી જોઈએ.

# ઇલેક્ટ્રિક વાહનો માટે બજાર વ્યાપક અને વિસ્તૃત છે : ટેકનિકલ પરિવર્તનથી ગતિ તીવ્ર

ભારતમાં હાલના સમયમાં લેવામાં આવી રહેલા પગલાઓના કારણે ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોની માંગમાં હવે તેજી આવી રહી છે. આવનાર સમયમાં ઈલેક્ટ્રિક વાહનોની માંગ અનેક ગતિ વધનાર છે. આવનાર સમય પણ ઈલેક્ટ્રિક વાહનોનો રહેલો છે. તે બાબતની નોંધ લઈને ભારતમાં પણ કંપનીઓ આગળ વધી રહી છે. વર્તમાન સ્તિતીમાં બેટરીની કિંમત ટુ વ્હીલર્સ વાહનની કુલ કિંમતના ૪૦ ટકાની આસપાસ છે. આવનાર પાંચ વર્ષમાં આ ઘટીને ૨૦ ટકા થઈ જવાના સંકેત દેખાઈ રહ્યા છે. જે ઈકો સિસ્ટમ માટે ખુબ સારા સંકેત તરીકે છે. સાથે સાથે પર્યાવરણની દ્રષ્ટિએ પણ આ કાર ઉપયોગી રહેનાર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે દુનિયાભરમાં તેલ ભંડારો હવે ખતમ થઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય તાકાતો તેની કિંમતો પર સીધી અસર કરે છે. ભારતના આયાત બિલમાં સૌથી મોટો હિસ્સો તેલ આયાત છે. આનો ઉકેલ લાવવા માટે અને આયાતને ઘટાડી દેવા માટે ઈલેક્ટ્રિક વાહનોની સારા વિકલ્પ તરીકે છે. ઈલેક્ટ્રિક મોબિલિટી સીધા વિકલ્પ તરીકે છે. ઈલેક્ટ્રિક વાહનોના બજારમાં ઝડપથી વધારો થતા નવી આશા જાગી છે. ઈલેક્ટ્રિક વાહનો સાથે સંબંધિત માર્કેટ કદ ખુબ વધનાર છે.

ટેકનિકલ પરિવર્તનના કારણે પણ સ્થિતીમાં સુધારો થયો છે. ઈલેક્ટ્રિક વાહનોમાં ગ્રાહકોનો વિશ્વાસ સતત વધી રહ્યો છે. આ કહેવાની બાબત ખોટી નથી કે આવનાર સમય ઈલેક્ટ્રિક વાહનોનો છે. ભારતીય કંપનીઓ અને બજાર બંને તેને હાથો હાથ લેવા માટે તૈયાર છે. ભારતના બજારને રોચક ગણી શકાય છે. ભારતીય વસ્તીની સરેરાશ વય ૨૮ વર્ષની છે. સાથે સાથે આશરે ૬૪ ટકા વસ્તી ૪૦ વર્ષથી



પણ ઓછી વયની છે. ભારતના શહેરીકરણની ગતિ પણ ખુબ ઝડપથી થઈ રહી છે. ગ્રામીણ ક્ષેત્રોને શહેરી માળખામાં સામેલ કરવા માટે શહેરોની મર્યાદાને ઝડપથી વધારી દેવામાં આવી રહી છે. રોજગાર અને વધારે સારી તક મળી શકે તે માટે ગ્રામીણ વિસ્તારોમાંથી લોકો મોટા પાયે શહેરોની તરફ આવી રહ્યા છે. વર્ષ ૧૯૫૫માં માત્ર પોણા બે કરોડ લોકો શહેરી વિસ્તારમાં રહેતા હતા. ૭૦ વર્ષ બાદ આ વસ્તી ૪૪ કરોડ સુધી પહોંચી ગઈ છે. અંદાજ તો એવો છે કે આવનાર પાંચ વર્ષમાં ૫૩ કરોડ લોકો શહેરી ક્ષેત્રોમાં રહેતા થઈ જશે. હાલની મંદીને બાજુમાં મુકીને જોઈએ તો ભારતીય અર્થવ્યવસ્થા દુનિયાની સૌથી ઝડપથી વધી રહેલી અર્થવ્યવસ્થા તરીકે છે.

વધતી જતી અર્થવ્યવસ્થા લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં ભૂમિકા અદા કરી રહી છે. આનુ પરિણામ એ આવ્યુ છે કે દેશમાં મધ્યમ વર્ગનો વિકાસ સૌથી ઝડપથી થઈ રહ્યો છે. દેશમાં હાલના સમયમાં મધ્યમ વર્ગની વસ્તી આશરે ૩૮ કરોડ છે. અનુમાનની દ્રષ્ટિએ જોવામાં આવે તો વર્ષ ૨૦૩૦ સુધી દુનિયાભરની મધ્યમ વર્ગીય વસ્તી પૈકી બે તૃતિયાશ એશિયામાં રહેનાર છે. સાથે સાથે આશરે દુનિયાના આગામી ૧૦૦ કરોડ મધ્યમવર્ગીય લોકો પૈકી ૪૦ ટકા ભારતમાં રહેનાર છે. ગરીબી ઓછી થવાનો અર્થ એ છે કે લોકોની પાસે ખર્ચ કરવા માટે વધારે નાણા રહેનાર છે. એટલે કે માંગમાં વધારો થનાર છે. જેના કારણે પુરવઠા પર સીધી અસર થનાર છે. બીજી બાજુ ભારત દુનિયાના સૌથી વધારે પ્રદુષિત દેશ પૈકી એક છે. વૈશ્વિક એર ક્વાલિટી ઈન્ડેક્સમાં દુનિયાના ૩૦ સૌથી પ્રદુશિત શહેરોમાં ભારતના ૨૨ શહેર આવે છે. દેશના માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરી આને ધ્યાનમાં લઈને ઈલેક્ટ્રિક વાહનોને હવે વધારે પ્રોત્સાહન આપી રહ્યા છે. સરકારે ઈલેક્ટ્રિક વાહનો તરફ વધારે ધ્યાન આપ્યુ છે. ફેમ પોલીસીની રચના પણ આ દિશામાં કરવામાં આવી છે. ફેમ-૨ હેઠળ સરકારે ગ્રાહકોને ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી પર ૨૦ ટકા સબસિડી આપવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે પણ પહેલ કરી છે. ગ્રાહક સેવાના દરને ૧૨ ટકાથી ઘટાડીને પાચં ટકા કરી દેવામાં આવ્યો છે. તેલના ભંડારો ખતમ થઈ રહ્યા છે. ભારતના આયાત બિલ પણ વધારે છે. જેથી તેના પર અંકુશ મુકવા માટે પહેલ કરવામાં આવી રહી છે. ઈલેક્ટ્રિક વાહનોમાં સાધન પેટ્રોલ અને ડીઝલની ગાડીની તુલનામાં ઓછા હોય છે. દાખલા તરીકે એક સામાન્ય ટુ વ્હીલર્સમાં આશરે ૨૦૦૦ પાર્ટ હોય છે જ્યારે ઈલેક્ટ્રિક સ્કુટરમાં માત્ર ૨૦ ઉપકરણ હોય છે. જાળવણી કિંમત પણ ઘટી જાય છે. સાથે સાથે નવી નવી કંપનીઓ આ ક્ષેત્રમાં આવી રહી છે. ઈલેક્ટ્રિક વાહનોમાં ઉપયોગ કરવામાં આવતી લિથિયમ બેટરીની કિંમતો પણ ઘટી રહી છે. ઈલેક્ટ્રિક વાહનોમાં હાલમાં કિંમત પણ ઓછી છે. સાતમી ફેબ્રુઆરીના દિવસે ગ્રેટર નોઈડામાં ઓટો એક્સ્પોમાં નિતિન ગડકરીએ કહ્યુ હતુ કે આવનાર સમયમાં ભારત ઈલેક્ટ્રિક વાહનોના સૌથી મોટા માર્કેટ તરીકે ઉભરીને આવનાર છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

CMYK

# ઘરે જ બનાવો સ્વાદિષ્ટ માલપુઆ સાથે રબડી



માલપુઆ એક એવુ મિષ્ટાન્ન છે જે ખાસ કરીને તહેવારની સીઝનમાં બનાવવામાં આવે છે. વળી બીજા બધા મિષ્ટાન્નો કરતા તે બનાવવામાં પણ ઈઝી છે. ઘણા લોકો રબડી સાથે માલપુઆ ખાવાનું પસંદ કરે છે તો કેટલાંકને એકલા માલપુઆ પણ ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે.

**સામગ્રી :** ૫૦ ગ્રામ મેંદો, ૫૦ ગ્રામ ઘઉંનો લોટ, ૧ ચમચો માવો, ૧૦૦ મિલીલિટર દૂધ, ૧ ચમચો ઝીણાં સમારેલાં પિસ્તાં, ચપટી બેકિંગ પાઉડર, ઘી તળવા માટે, ૫૦૦ ગ્રામ ખાંડ ચાસણી માટે, ૨ કપ પાણી.

**રબડી માટેની સામગ્રી :** ૧ લિટર ફુલક્રીમ દૂધ, ૬ ચમચા મિલ્ક પાઉડર, ૧ ચમચો ચારોળી, ૨ એલચી પીસેલી, ૧૦-૧૨ તાંતણા કેસર, ૧ ચમચો ખાંડ.

**રીત :** મેંદો, લોટ, દૂધ, માવો, બધું મિક્સ કરી મિક્સરમાં એકરસ કરી દો. એમાં બેકિંગ પાઉડર અને પિસ્તાં પણ મિક્સ કરો. એક નોનસ્ટિક પેનમાં ઘી ગરમ કરો. તૈયાર થયેલા ખીરાને ચમચાથી ગરમ ઘીમાં નાખો. બંને બાજુથી ગુલાબી થાય ત્યાંસુધી તળો. આ રીતે બધા માલપુઆ બનાવો.

બે તારની ચાસણી બનાવી ખુલ્લા વાસણમાં મૂકો. એમાં માલપુઆ સાચવીને મૂકો. થોડીવાર પછી ઊંધા કરો, જેથી માલપુઆ ચાસણી બરાબર શોષી લે. રબડી માટે દૂધને ઉકાળીને ઘટ્ટ કરો. દૂધ અડધું રહે પછી એમાં મિલ્ક પાઉડર નાખી ચમચાથી બરાબર હલાવો. ઘટ્ટ રબડી તૈયાર થઈ જાય પછી એમાં કેસરના તાંતણા, એલચી અને ચારોળી નાખો. સર્વિંગ ડિશમાં માલપુઆ મૂકો. એની વચ્ચે થોડી રબડી મૂકો.

# ઠંડીની મોસમમાં મૂળા ખાવાના અઢળક ફાયદા



શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. ઠંડીની મોસમમાં મૂળો લગભગ દરેક ઘરમાં ખાવામાં આવે છે. જો કે કેટલાંક લોકો એને જોઈને મોં મચકોડતાં હોય છે. પરંતુ ઘણાં લોકો કાચો મૂળો ખાય છે તો કોઈ એનું શાક કે અથાણું બનાવીને ખાવાનું પ્રીફર કરે છે. આયુર્વેદમાં તેના ઔષધિય ગુણોનું વર્ણન કરવામાં આવ્યું છે. મોટાભાગે લોકો સલાડ તરીકે મૂળાનું સેવન કરતાં હોય છે. જોકે બહુ ઓછા લોકો મૂળાના ગુણો અને ફાયદા જાણે છે. મૂળા ખાવાથી સ્વાસ્થ્ય અને શરીરને ગજબના ફાયદા મળે છે.

પૌષ્ટિક તત્વોયુક્ત મૂળો આપણી કિડનીને સ્વસ્થ રાખે છે. તે શરીરમાંથી ઝેરી પદાર્થોને બહાર કાઢવામાં મદદ કરતો હોવાથી તેને નેચરલ ક્લીંઝર પણ કહેવામાં આવે છે. તે આપણાં આંતરડાને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. તેમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર હોવાથી કબજિયાતની સમસ્યાનો રામબાણ ઈલાજ છે.

જો કોઈને ભૂખ ના લાગવાની તકલીફ હોય તો તેણે મૂળાના રસમાં આદુનો રસ મિક્સ કરીને પીવો. આનાથી ભૂખ લાગશે અને પેટનો કોઈ રોગ હશે તો એ પણ દૂર થઈ જશે. પેટ ભારે લાગતુ હોય તો મૂળાના રસમાં મીઠું નાખીને પીવાથી રાહત થશે. જેમને લિવરની કોઈ તકલીફ હોય તેમણે તો મૂળો અવશ્ય ખાવો જોઈએ કારણ કે તે લિવરને તંદુરસ્ત રાખે છે.

એન્ટી હાઈપરસેન્ટિવ ગુણોયુક્ત મૂળો હાઈ બીપીને કંટ્રોલમાં રાખવામાં મદદ કરે છે. આ ઉપરાંત એમાં પૂરતા પ્રમાણમાં પોટેશિયમ હોય છે જે શરીરમાં સોડિયમ-પોટેશિયમના પ્રમાણને બેલેન્સ રાખે છે જેના લીધે બ્લડ પ્રેશર મેન્ટેન રહે છે. કમળાના દર્દી માટે તો આ રામબાળ ઈલાજ છે. રોજ સવારે એક મૂળો ખાવાથી કમળો જલદી મટે છે. એ જ રીતે ડાયાબિટીશના દર્દી આનું સેવન કરે તો એમનું ઈન્સુલિનને કંટ્રોલ કરવાનું કામ કરે છે.

# શું તમે પણ શિયાળામાં તમારા વાળ ગરમ પાણીથી ધોવો છો?



શિયાળાની ઋતુ ચાલી રહી છે. આ સમય આળસથી ભરેલો છે. ન તો તમને પથારી છોડવાનું મન થાય છે કે ન તો કોઈ કામ કરવાનું. આ ઋતુમાં આપણે આપણા શરીરને ગરમ રાખવા માટે દરેક શક્ય પ્રયાસ કરીએ છીએ, આ માટે કેટલાક લોકો ગરમ પાણીથી સ્નાન પણ કરે છે અને ગરમ પાણીથી વાળ પણ ધોઈ લે છે. પરંતુ શું તમે જાણો છો કે ગરમ પાણીથી વાળ ધોવાના ઘણા ગેરફાયદા છે. જ્યારે શિયાળો તમારા વાળને શુષ્ક અને નિર્જીવ બનાવી દે છે, ત્યારે ગરમ પાણીથી તમારા વાળ ધોવાથી તમારા વાળ વધુ ખરાબ થાય છે.

ઠંડીમાં આપણા વાળ બરડ થઈ જાય છે. તેનાથી વાળમાંથી કુદરતી તેલ પણ ઓછું થઈ જાય છે જેના કારણે તે તૂટવા લાગે છે. આવી સ્થિતિમાં શિયાળાની ઋતુમાં વાળની ખાસ કાળજી લેવી ખૂબ જ જરૂરી છે.

ગરમ પાણીથી વાળ ધોવાથી વાળનું કુદરતી ભેજ ઓછું થઈ જાય છે, જેના કારણે તે ખૂબ જ શુષ્ક થઈ જાય છે. આ ઉપરાંત, તે તમારા વાળના કુદરતી તેલ પર પણ પ્રતિકૂળ અસર કરે છે અને તેને નષ્ટ કરે છે, જેના કારણે વાળની ચમક અને કોમળતા સંપૂર્ણપણે ખોવાઈ જાય છે.

ગરમ પાણીથી વાળ ધોવાથી આપણા વાળ વધુ શુષ્ક, નબળા અને બરડ થઈ જાય છે. આ સિવાય સ્કેલ્પ પણ ડ્રાય થઈ જાય છે જેના કારણે વાળમાં ડેન્ડ્રફ અને ખંજવાળની સમસ્યા થાય છે. તેની અસર એ છે કે તમારા વાળ ખૂબ જ ઓછા સમયમાં તૂટવા લાગે છે.

જો તમે શિયાળામાં તમારા વાળ ધોવા માંગતા હોવ, તો ઓછા ગરમ પાણી અથવા સામાન્ય પાણીનો જ ઉપયોગ કરો, કારણ કે ખૂબ ગરમ પાણી તમારા વાળ પર નકારાત્મક અસર કરી શકે છે. એ પણ ધ્યાનમાં રાખો કે યોગ્ય પાણીનો ઉપયોગ કરીને તમે તમારા વાળને વધુ સારી રીતે સાફ કરી શકો છો.

સાથે જ આ વાતનું ખાસ ધ્યાન રાખો કે શિયાળામાં રોજ તમારા વાળ ન ધોવા. જરૂર મુજબ અઠવાડિયામાં 2થી 3 વાર વાળ ધોવા જોઈએ. તેમજ આ સમય દરમિયાન સારા કન્ડિશનરનો ઉપયોગ કરો, જેથી વાળ લાંબા સમય સુધી મુલાયમ અને ચમકદાર રહે.

# શરદી ખાંસીની સમસ્યામાં મોંઢામાં લવિંગ રાખવાથી ગળામાં દુખાવાથી મળે છે રાહત



દરેક લોકોના રસોડામાં મળી આવતા લવિંગને આયુર્વેદમાં ગુણોની ખાણ કહેવામાં આવ્યું છે. લવિંગનું ફૂલ, લવિંગનું તેલ, લવિંગનો પાઉડર શરીરની દરેક મુશ્કેલીઓને દૂર કરે છે. આટલું જ નહીં આ લવિંગ પુરૂષોમાં સ્પર્મ કાઉન્ટ વધાવવા માટે પણ ફાયદાકારક છે.

જો તમે ગેસ, અપચો, કોંસ્ટીપેશન કે એસિડિટીથી પરેશાન છો તો લવિંગ તમારા માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. સવારે ખાલી પેટે એક ગ્લાસ પાણીમાં થોડા ટીંપા લવિંગના તેલના નાખી પીવો. તેનાથી આરામ મળશે. આ નિયમિત કરવાથી સમસ્યા ખતમ થઈ જાય છે.

ચહેરાના દાગ-ધબ્બાને દૂર કરવામાં લવિંગ ખૂબ જ ફાયદાકારક છે. તેના માટે લવિંગના પાઉડરને કોઈ ફેસ પેક કે પછી બેસન કે મધની સાથે મિક્સ કરીને ચહેરા પર લગાવવામાં આવે તો ઘણી મુશ્કેલીઓ દૂર થશે. આ ચહેરાના મેલને કાપે છે. જોકે લવિંગના પાઉડરનો સીધો ચહેરા પર ઉપયોગ ન કરો.

જો તમારા વાળ ડ્રાય કે રફ છે તો લવિંગને થોડા પાણીમાં ગરમ કરી તેનાથી વાળ ધુઓ. તેનાથી વાળ મજબૂત બનશે. તમે ઈચ્છો તો લવિંગના તેલને નારિયેળના તેલમાં મિક્સ કરીને માલિક પણ કરી શકો છો.

શરદી ખાંસીની સમસ્યામાં મોંઢામાં આખું લવિંગ રાખવાથી ગળામાં થતા દુખાવાથી આરામ મેળે છે સાથે જ ગરમ પાણીમાં એક ટીંપુ લવિંગનું તેલ નાખીને વરાળ લો તો રાહત મળશે.

# ડાયાબિટીસના દર્દીઓએ મગફળી ખાવી જોઈએ કે નહીં?



આજની ભાગદોડ ભરી જિંદગીના પગલે લોકો અનેક બિમારીઓથી પીડાઈ છે. જેમાં એક છે ડાયાબિટીસ. આજે ડાયાબિટીસથી કેટલાય દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે. આ દરમ્યાન કેટલીય વસ્તુ ખાવા પર પ્રતિબંધ હોય છે. પરિણામે ડાયાબિટીસના દર્દીઓએ મગફળી ખાવી જોઈએ કે નહીં.

મગફળી આપણા રસોડાના એક એવું ઈનગ્રેડિયન્ટ છે, જેનો ઉપયોગ શાક, સલાડથી લઈને મિઠાઈ બનાવવા સુધી દરેકમાં કરવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે આ ડાયાબિટીસના દર્દીઓએ મગફળી ખાવી જોઈએ કે નહી? ઘણા લોકોનો સવાલ હોય છે કે, મગફળી ખાવાથી બ્લડશુગરનું લેવલ વધી જવાનો ખતરો રહે છે, તેની પાછળ સત્ય હકીકત શું છે અને ખરેખર ડાયાબિટીસના દર્દીઓએ મગફળી ખાવી જોઈએ કે નહી તેના વિશે જાણીએ.

મગફળીનું સેવન કરવું ડાયાબિટીસના દર્દીઓ માટે સુપક્ષિત માનવામાં આવે છે, કારણ કે તેમા ગ્લાઈસેમિક ઈન્ડેક્સ અને ગ્લાઈસેમિક લોડ ઓછો હોય છે અને તેમાં ભરપુર માત્રામાં પોષક તત્વો રહેલા હોય છે, જે ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક હોય છે. જોકે, એક્સપર્ટનું માનવું છે કે, ડાયાબિટીસના દર્દીઓએ મગફળીનું સેવન વધારે પ્રમાણમાં કરવું જોઈએ નહીં. મગફળી ખાવાથી માત્ર બ્લડ શુગર લેવલ જ કન્ટ્રોલમાં રહે છે એવું નથી, પરંતુ તેની સાથે સાથે કાર્ડિયોવેસ્કુલર ડિસીઝનો ખતરો પણ કેટલાક અંશે ઘટી જાય છે. ખાસ કરીને શિયાળામાં મગફળીનું સેવન કરવુ જરુરી છે, કારણ કે તેમા પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ફેટ અને ફાઈબરની માત્રા ભરપુર રહેલી હોય છે, જે એનર્જી આપે છે. સાથે સાથે ઠંડીની સિઝનમાં ઈમ્યુનિટીને પણ વધારે છે. એટલું જ નહીં મગફળીમાં પોટેશિયમ, કોપર, કેલ્શિયમ, મેગ્નીશિયમ અને આયરન જેવા પોષક તત્વો પણ રહેલા છે.

# શિયાળાની ઋતુમાં હળદરના પાણીના સેવનથી અનેક બીમારીઓ થશે છૂમંતર

શિયાળાની ઋતુ આવતા જ લોકોને ઘણા પ્રકારની બીમારીઓ ઘેરવા લાગે છે. ઈમ્યૂનિટી મજબૂત કરવા માટે લોકો જુદા-જુદા પ્રકારની વસ્તુઓનું સેવન કરે છે પરંતુ અમુક વસ્તુઓ તમને ફાયદાના બદલે નુકસાન પહોંચાડવાનું કામ કરે છે. દરમિયાન જો તમે પણ શિયાળામાં કફ, ઉધરસથી પરેશાન છો તો તમારે દરરોજ હળદરનું પાણી પીવુ જોઈએ. આ પાણીને પીવાથી તમારી ઈમ્યૂનિટી મજબૂત થાય છે, કારણ કે હળદરની તાસીર ગરમ હોય છે જે તમને અંદરથી ગરમ રાખે છે.

**ઉધરસ અને શરદીમાં ફાયદાકારક :** હળદરમાં એન્ટીબેક્ટેરિયલ ગુણ હોય છે. તેનું સેવન કરવાથી તમને શરદી અને ઉધરસમાં રાહત મળે છે. કેમ કે આમાં કફને દૂર કરનાર ગુણ હોય છે. જે તમારા શરીરને અંદરથી ગરમ રાખે છે.

**પાચનતંત્ર માટે ફાયદાકારક :** હળદરમાં ફાઈબર હોય છે જે પાચન સંબંધી મુશ્કેલીઓને દૂર કરવાનું કામ કરે છે. શિયાળામાં ઘણી વખત કબજિયાત અને અપચાની સમસ્યા થઈ જાય છે. તેથી તમે દરરોજ હળદરનું પાણી પીવો. આવુ કરવાથી તમને પેટ સંબંધિત તકલીફમાંથી છુટકારો મળશે.

**ઈમ્યૂનિટી સ્ટ્રોંગ થશે :** હળદરમાં એવુ તત્વ હોય છે જે ઈમ્યૂનિટીને વધારવાની સાથે મોસમી બીમારીઓથી પણ શરીરનું રક્ષણ કરે છે. તેથી જો તમે શિયાળાની સીઝનમાં તાવ કે શરીરના દુખાવાથી પરેશાન છો તો તમે હળદરવાળુ પાણી પીવો.

**વજન ઘટાડવામાં મદદરૂપ :** શિયાળામાં વજન ઘટાડવો ખૂબ અઘરુ કાર્ય છે પરંતુ જો તમે શિયાળાની ઋતુમાં દરરોજ હળદરનું પાણી પીવો તો તમે પોતાનું વજન સરળતાથી ઘટાડી શકો છો. કારણ કે આમાં મેટાબોલિઝમને બૂસ્ટ કરનાર તત્વ હોય છે જે વજન ઘટાડવામાં મદદરૂપ છે.



# લીલી કોથમીર સ્વાસ્થ્યની સાથે ત્વચા માટે પણ લાભદાયી



લીલી કોથમીર સ્વાસ્થ્યની સાથે ત્વચા માટે ખૂબ ફાયદાકારક છે. અત્યાર સુધી તમે કોથમીરનો ઉપયોગ ખોરાક તરીકે કર્યો હશે. પરંતુ તમે કોથમીરથી ચહેરાની સુંદરતાને નિખારી શકો છો. આરોગ્ય નિષ્ણાતોનું માનીએ તો કોથમીર ચહેરા પરથી ખીલ, પિગમેન્ટેશન, ડ્રાય સ્કિન અને બ્લેકહેડ્સ જેવી સમસ્યાઓ દૂર કરે છે. ચાલો જાણીએ લીલી કોથમીરના ઉપયોગ કેવી રીતે કરવો.

**ચહેરા માટે કોથમીર સાથે આ રીતે તૈયાર કરો ફેસ પેક :** કોથમીર અને લીંબુનો રસ કોથમીર ધોઈને તેને પીસીને ઘટ્ટ પેસ્ટ બનાવો. તેમાં એક ચમચી લીંબુનો રસ ઉમેરો. બંનેને સારી રીતે મિક્સ કરો. બંન્ને સારી રીતે ચહેરા અને ગરદન પર લગાવો. પચીસ મિનિટ પછી સાદા પાણીથી ધોઈ લો. તેનાથી ડેડ સ્કિન નીકળી જશે. ત્વચા નરમ બનશે તેમજ ખીલ અને ફ્રીકલ્સ પણ દૂર થશે.

**કોથમીર-મધ-દૂધ અને લીંબુ :** સૌ પ્રથમ કોથમીરના કેટલાક પાનને ધોઈને સાફ કરો. આ પછી તેને બારીક પીસી લો અને જાડી પેસ્ટ બનાવો. હવે તેમાં એક ચમચી મધ ઉમેરો અને એક ચમચી લીંબુનો રસ ઉમેરો. બે ચમચી કાચું દૂધ પણ ઉમેરો. હવે આ પેસ્ટને ચહેરા અને ગરદન પર લગાવો. લગભગ અડધા કલાક પછી સાદા પાણીથી ચહેરો ધોઈ લો.

**કોથમીર-ચોખા અને દહીં :** કોથમીર ધોઈને સાફ કરો. પછી તેને પીસીને બારીક પેસ્ટ બનાવી લો. તેમાં એક ચમચી ચોખાનો પાવડર અને એક ચમચી દહીં ઉમેરો. આ બધાને સારી રીતે મિક્સ કરો. હવે તેને ચહેરા અને ગરદન પર લગાવો. વીસ મિનિટ પછી પાણીથી ધોઈ લો. તેનાથી ત્વચા ચમકદાર બને છે.

સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે

# સોનું ખરીદવાની ઉત્તમ તક, સતત ત્રીજા દિવસે સોનું સસ્તું

## ૨૪ કેરેટ સોનાનો ભાવ ૭૭,૧૦૦ની આસપાસ છે : એક કિલો ચાંદીની કિંમત રૂ. ૯૧,૫૦૦ પર ટ્રેડ થઈ રહી છે

। નવી દિલ્હી, તા. ૨૦ ।

સોનામાં રોકાણ કરવું એ આપણા દેશના લોકોની પહેલી પસંદગી છે. ત્યારે સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. ૨૦ ડિસેમ્બર એટલે કે આજરોજ પણ સોનાના ભાવમાં ઘટાડો જોવા મળતા ગ્રાહકો ખુશ છે. આજે સોનાના ભાવમાં ઘટાડો નોંધાતા સોનું ખરીદવાની ઉત્તમ તક ઉભી થઈ છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ ૭૭,૧૦૦ રૂપિયાની આસપાસ ટ્રેડ થઈ રહ્યો છે. દેશમાં એક કિલો ચાંદીની કિંમત રૂ. ૯૧,૫૦૦ પર ટ્રેડ થઈ રહી છે. ગઈ કાલે ચાંદીનો ભાવ રૂ.૯૨,૫૦૦ હતો. ચાંદીના ભાવમાં ૧૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે.આજે, શુક્રવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૪, સોનું સસ્તું થયું છે. સતત ત્રીજા દિવસે ગોલ્ડ સસ્તું થઈ ગયું છે. જો તમારા ઘરમાં લગ્ન છે તો આ એક રાહતના સમાચાર છે કારણ કે તમે બજેટમાં સોનાના દાગીના ખરીદી શકશો.

આજે ૨૦ ડિસેમ્બરે ૧૦ ગ્રામ સોનાની કિંમતમાં ૭૫૦ રૂપિયા સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ ૭૫૦ રૂપિયા અને ૨૨ કેરેટ સોનાનો ભાવ ૭૦૦ રૂપિયા સસ્તો થયો છે. આજે દિલ્હી, યુપી, બિહાર અને મધ્યપ્રદેશમાં સોનાની કિંમતમાં ૭૦૦ રૂપિયાનો ઘટાડો થયો છે. દેશના તમામ શહેરોમાં ૨૪ કેરેટ સોનાની કિંમત ૭૭,૦૦૦ રૂપિયાથી વધુ છે. જ્વેલરી ખરીદનારાઓ માટે ૨૨ કેરેટ સોનાના દરની વાત કરીએ તો તેની કિંમત ૭૦ હજાર રૂપિયાથી વધુ છે. બજારના જાણકારોના મતે આગામી દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં વધારો થવાનો છે.લગ્નની સિઝનમાં પાછલા વર્ષોના ટ્રેન્ડ પર નજર કરીએ તો સોનાના ભાવમાં સતત વધારો જોવા મળે છે. નિર્મલા સીતારમણે ૨૩ જુલાઈના બજેટમાં સોના પરની ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો. જે બાદ સોનામાં રૂ.૬,૦૦૦ સુધીનું સીધું કરેક્શન જોવા મળ્યું હતું.

પાંચ વ્યક્તિ જીવતા ભૂંજાયા

# રાજસ્થાન જયપુરના ભાંકરોટામાં પેટ્રોલ પંપ પર સીએનજી ટેન્કરમાં વિસ્ફોટ થયો

## આ ઘટનાની જાણકારી મળતાં જ લગભગ ૨૨ જેટલાં ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગને કાબૂમાં લેવાના પ્રયાસ હાથ ધર્યા હતા । આજુબાજુમાં ઊભેલા ૪૦થી વધુ વાહનો પણ બળીને રાખ થઈ ગયા હતા

। ભાંકરોટા, તા.૨૦ ।

રાજસ્થાનના જયપુરના ભાંકરોટામાં એક મોટી દુર્ઘટના સર્જાી હતી. અહીં એક ગેસ ટેન્કરમાં અચાનક આગ લાગી જતાં ભયંકર વિસ્ફોટ થયો હતો જેમાં અનેક લોકો દાઝી ગયાના અહેવાલ સામે આવ્યા છે. આ દુર્ઘટનામાં ૫ લોકોના મોતના અહેવાલ સામે આવી રહ્યા છે. આ ઘટનાની જાણકારી મળતાં જ લગભગ ૨૨ જેટલાં ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગને કાબૂમાં લેવાના પ્રયાસ હાથ ધર્યા હતા. બીજી બાજુ આ વિસ્ફોટ એટલો ભયાનક હતો કે આજુબાજુમાં ઊભેલા ૪૦થી વધુ વાહનો પણ બળીને રાખ થઈ ગયા હતા. આ વિસ્ફોટ થતાં જ



વાહનોથી ભરેલા વેરહાઉસમાં પણ આગ લાગી હતી. એક સાથે ડઝનબંધ વાહનો આગની લપેટમાં આવી ગયા હતા. સીએનજી ટેન્કર અને અન્ય એક ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે બાદ સીએનજી ટ્રકમાં એક પછી એક બ્લાસ્ટ થવા લાગ્યા હતા. ધડાધડ વિસ્ફોટથી નજીકના વાહનો પણ લપેટમાં આવી ગયા હતા. ત્યારે એક બસમાં હાજર મુસાફરોએ નીચે ઉતરીને પોતાનો જીવ બચાવ્યો હતો. આગમાં એક ડઝનથી વધુ લોકો દાઝી ગયાની માહિતી સામે આવી રહી છે. ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ફાયર ફાયટર, સિવિલ ડિફેન્સ પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી વાહનોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.આ દુર્ઘટના એલપીજી અને સીએનજી ટ્રક વચ્ચે ટક્કર બાદ સર્જાી હોવાના પણ દાવા કરાયા છે. જેના બાદ સીએનજી ટ્રકમાં ભયંકર બ્લાસ્ટ થયો હતો. ૪૦થી વધુ વાહનો બળીને રાખ થઈ ગયા હતા. આ દુર્ઘટના ડી ક્લોથોનની નજીક સવારે પાંચ વાગ્યે સર્જાી હતી. દુર્ઘટનામાં ઘાયલ લોકોને હજુ પણ હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે. જ્યારે ફસાયેલા લોકોને ફાયરબ્રિગેડના કર્મચારીઓ દ્વારા બચાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સિવિલ ડિફેન્સ પોલીસ અને સ્થાનિકો પણ રેસ્ક્યૂ ઓપરેશનમાં મદદ કરી રહ્યા છે. જયપુરમાં એસએમએસ મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. દીપક મહેશ્વરીએ જણાવ્યું કે અત્યાર સુધીમાં ૪ મૃતદેહો હોસ્પિટલમાં લાવવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ



અભિનેત્રીએ દુનિયાભરના લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું

### તબ્બુ છુપી રુસ્તમ નીકળી હોલીવુડમાં ડંકો વગાડ્યો

। મુંબઇ, તા.૨૦ ।

બોલિવૂડની આ અભિનેત્રીએ દુનિયાભરના લોકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. કોઈપણ ધામધૂમ વિના, તે તાજ વિનાની તે રાણી બની ગઈ છે, જેના પર આ વર્ષે ઘણા લોકોએ ધ્યાન આપ્યું નથી. પુષ્પા ૨ એ પહાડ જેવો રેકોર્ડ બનાવ્યો છે, તો અહી કહી દઈએ કે બોલીવુડની એક અભિનેત્રી છે જેણે આ વર્ષે પહાડ જેવા બજેટ સાથે હોલીવુડની શ્રેણીમાં કામ કરીને વિશ્વભરમાં ઓળખ મેળવી છે અને તે પણ ચૂપચાપ.વર્ષ ૨૦૨૪ મનોરંજન ઉદ્યોગ માટે ખાસ હતું. આ વર્ષે ભારતીય સિનેમાએ દર્શકોને ઘણી રેકોર્ડબ્રેકર ફિલ્મો આપી છે. જ્યારે સ્ટ્રી ૨ જેવી ઓછી-બજેટની બ્લોકબસ્ટર્સ બોલિવૂડમાં આવી, ત્યારે તેલુગુ સિનેમાએ એવી ફિલ્મ આપી જેણે ભારતની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મોની યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું. પુષ્પા ૨ એ વિશ્વભરમાં રૂ. ૧૫૦૦ કરોડ અને ભારતમાં રૂ. ૧૦૦૦ કરોડની કમાણી કરી હતી.

### બોબી દેઓલની 'આશ્રમ ૪'આવતા વર્ષે ઓન સ્ક્રીન

। મુંબઈ, તા.૨૦ ।

૨૦૨૩માં સુપરહિટ ફિલ્મ એનિમલમાં વિલન તરીકે જોવા મળનાર બોબી દેઓલ પાસે ઘણી ફિલ્મોની ઓફર છે. બોબીની બે ફિલ્મો 'હાઉસફુલ ૫' અને 'થલપથી ૬૯' ૨૦૨૫માં રિલીઝ થશે. ચર્ચા છે કે તેની સુપરહિટ સિરીઝ 'આશ્રમ ૪' પણ નવા વર્ષમાં આવશે. બોબી દેઓલની સૌથી લોકપ્રિય વેબ સિરીઝ 'આશ્રમ'ને લઈને એક મોટું અપડેટ સામે આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે 'આશ્રમ ૪' આવતા વર્ષે રિલીઝ થવા જઈ રહી છે. પ્રકાશ ઝા દ્વારા નિર્દેશિત આશ્રમનો ચોથો ભાગ ૨૦૨૫માં સ્ક્રીન પર આવી શકે છે.૨૦૨૦માં, બોબી દેઓલ પ્રકાશ ઝા દ્વારા નિર્દેશિત વેબ સીરિઝ આશ્રમમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યો હતો. આ સીરિઝને એટલી પસંદ કરવામાં આવી કે તેના વધુ બે ભાગ બનાવવામાં આવ્યા અને હવે તેના ચોથા ભાગના સમાચાર સામે આવ્યા છે. બોબી દેઓલની સૌથી લોકપ્રિય વેબ સિરીઝ આશારામની ચોથી સિઝન આવી રહી છે અને ટૂંક સમયમાં તમે તેને એમેઝોન પ્રાઈમ વીડિયો પર જોઈ શકશો.૨૦૨૨માં વેબ સિરીઝ આશ્રમ ૪ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ તેની તારીખ અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી.ચાહકો બોબી દેઓલની વેબ સિરીઝ આશ્રમ ૪ માટે ખૂબ જ ઉત્સાહિત છે.

### વરુણ ધવનનો એક્શન અવતાર 'બેબી જોન'માં જોવા મળશે

। મુંબઈ, તા.૨૦ ।

વરુણ ધવનની આગામી ફિલ્મ બેબી જ્હોન ૨૫મી ડિસેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મ પર ઘણો બધો મદાર છે.બોલિવૂડ અભિનેતા વરુણ ધવન ફિલ્મોમાં તેની શાનદાર કોમેડી માટે જાણીતો છે. તેની ફિલ્મોમાં એક્શન પણ હોય છે, પરંતુ ફેન્સમાં તેની ઈમેજ કોમેડી એક્ટર તરીકેની છે. પરંતુ હવે તે એક્શન અવતારમાં જોવા મળશે. તેની ફિલ્મ 'બેબી જોન' સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મમાં વરુણ ધવન જોરદાર એક્શનમાં જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન કલિસ દ્વારા કરવામાં આવ્યું છે અને એટલી કુમાર દ્વારા નિર્મિત છે. વરુણ ધવનના ફેન્સ ફિલ્મ 'બેબી જોન'ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.કૃતિ સુરેશ અને વામિકા ગબ્બી ફિલ્મ 'બેબી જોન'માં વરુણ ધવનની સાથે જોવા મળશે. આ ફિલ્મમાં જેકી શ્રોફ ખલનાયક તરીકે જોવા મળશે. ફિલ્મમાં જેકી અને વરુણ બંનેની એક્શન ચાહકોને ખુબ પસંદ આવશે. આ સિવાય ફિલ્મને રજાનો લાભ પણ મળવાનો છે. આ ફિલ્મ ૨૫ ડિસેમ્બરે રજાના દિવસે રિલીઝ થઈ રહી છે.

ટ્રંપ સાથે ફોન પર વાત કરી

# રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન યુક્રેન સાથે સમજૂતી માટે તૈયાર!

## પત્રકારોને જવાબ આપતી વખતે, પુતિને ઓરેશ્નિક હાઇપરસોનિક મિસાઇલ વિશે પણ વાત કરી

। મોસ્કો, તા.૨૦ ।

રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને ગઈકાલે અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી હતી. આ દરમિયાન તેમણે યુક્રેન યુદ્ધ પર સમાધાનની વાત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ચર્ચા માટે કોઈ પૂર્વશરતો નથી પરંતુ કોઈપણ સોદામાં કાયદેસર યુક્રેનિયન અધિકારીઓ સામેલ હોવા જોઈએ.રિપોર્ટ અનુસાર, પુતિને કહ્યું કે રશિયા રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સહિત કોઈપણ સાથે વાત કરવા તૈયાર છે. પુતિને કહ્યું કે તેમણે ટ્રમ્પ સાથે વર્ષોથી વાત કરી નથી પરંતુ સંઘર્ષ અંગે ચર્ચા કરવા માટે તેમની સાથે મળવા માટે તૈયાર છે.પુતિને એવા દાવાઓને ફગાવી દીધા હતા કે રશિયા નબળી સ્થિતિમાં છે. તેમણે કહ્યું કે ૨૦૨૨માં યુક્રેન પર થયેલા હુમલા બાદ દેશ મજબૂત બન્યો છે. જ્યારે પુતિને કહ્યું હતું કે રશિયા વાટાઘાટો માટે તૈયાર છે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કિવ પણ સમાધાન માટે તૈયાર હોવું જોઈએ. પુતિને કાયમી શાંતિ કરારની તરફેણમાં અસ્થાયી યુદ્ધવિરામની કોઈપણ શક્યતાને નકારી કાઢી હતી.પત્રકારોને જવાબ આપતી વખતે, પુતિને ઓરેશ્નિક હાઈપરસોનિક મિસાઈલ વિશે પણ વાત કરી, જેનો ઉપયોગ રશિયા યુક્રેનની લશ્કરી ફેક્ટરીમાં કરી ચૂક્યું છે. તેમણે કહ્યું કે તેઓ યુક્રેનમાં બીજું પ્રક્ષેપણ કરવા અને પશ્ચિમી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ તેને શૂટ કરી શકે છે કે કેમ તે જોવા માટે તૈયાર છે. જો કે, તે સમયે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ બ્રસેલ્સમાં યુરોપિયન કાઉન્સિલની બેઠકમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પુતિનના મિસાઈલ ઉપયોગની ચર્ચા કરી અને પૂછ્યું.

જયપુરથી દરોડાની શરૂઆત

# લગ્નમાં પૈસા ઉડાવનારાઓ પર ઈનકમ ટેક્સ વિભાગની નજર

## છેલ્લા એક વર્ષમાં દેશમાં લગ્નના આયોજન પાછળ ૭૫૦૦ કરોડનો ખર્ચ કરાયો હતો, જેનો કોઈ હિસાબ નથી । વાસ્તવમાં દેશના અમીર લોકો ભવ્ય લગ્નો કરે છે

। નવી દિલ્હી, તા.૨૦ ।

ભારતીયો લગ્નની સિઝનમાં ધૂમ ખર્ચો કરે છે. પરંતુ ખર્ચા કરતી વખતે ધ્યાન રાખજો, નહીં તો વધુ પડતા ખર્ચના બદલામાં ઈનકમ ટેક્સ વિભાગના સકંજામાં ફસાઈ શકો છો. ભારતીયો લગ્ન માટે પોતાની જીવનભરની મૂડી ખર્ચી નાખે છે. ઘણા લગ્નોમાં બોલિવૂડ સ્ટારથી માંડી પ્રસિદ્ધ કલાકાર, ડેસ્ટિનેશન વેડિંગ સહિતના આયોજનો થાય છે. ઈનકમ ટેક્સ વિભાગ પણ આવા લેવિશ લકઝરી લગ્નો પર ચાંપતી નજર રાખે છે. હાલમાં જ જયપુરમાં આશરે ૨૦ ટોપ વેડિંગ પ્લાનર્સના ત્યાં આઈટીના દરોડા પડ્યા હતાં.




ઈનકમ ટેક્સ ડિપાર્ટમેન્ટની માહિતી અનુસાર, છેલ્લા એક વર્ષમાં દેશમાં લગ્નના આયોજન પાછળ ૭૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જેનો કોઈ હિસાબ નથી. વાસ્તવમાં દેશના અમીર લોકો ભવ્ય લગ્નો કરે છે. જેનો ફાયદો કૌભાંડીઓ અને કરચોરી કરનારાઓ પણ ઉઠાવીને પોતાના કાળા નાણાંને સફેદ કરી રહ્યા છે. લગ્નો પર ખર્ચ કરવામાં આવતાં ૫૦ થી ૬૦ ટકા ખર્ચ વેડિંગ પ્લાનર્સ દ્વારા થતાં હોવાની જાણ થતાં આઈટી દરોડામાં મુખ્યત્વે વેડિંગ પ્લાનર્સ પર નજર રાખવામાં આવી રહી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ટૂંક સમયમાં વિદેશમાં યોજાયેલા લગ્નોમાં ખર્ચવામાં આવેલા નાણાંની પણ તપાસ કરવામાં આવશે. આ લગ્નોમાં મહેમાનો અને સ્ટાર્સને ચાર્ટર્ડ પ્લેનમાં વિદેશ લઈ જવામાં આવે છે. ટેક્સ વિભાગ સત્તાવાર રીતે મહેમાનોની સંખ્યા અને ઈવેન્ટની શૈલી સાથે ખર્ચવામાં આવેલી રકમની તુલના કરશે. આ અંગે કેટરિંગ કંપનીઓની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે.

# યુકેમાં ઘરની લાલચે ભારતીય મૂળના દીકરાએ માતાનું મર્ડર કર્યું

। લંડન, તા.૨૦ ।

ઈંગ્લેન્ડમાં ભારતીય મૂળના શખસે ઘરની લાલચે પોતાની સગી માતાની હત્યા કરી દીધી હતી. આ હત્યા કર્યા બાદ દીકરાએ માતાને જમીનમાં દફન કરવાનું પ્લાનિંગ પણ કર્યું હતું, પરંતુ એવું ન થઈ શક્યું અને પોલીસે ધરપકડ કરી લીધી હતી. લગભગ ૬ મહિના પહેલા આ કેસમાં હવે લિસેસ્ટર ક્રાઉન કોર્ટે ૧૬ દિવસની ટ્રાયલમાં હત્યારા દીકરાને આજીવન કેદની સજા ફટકારી છે. આરોપી દીકરાનું નામ સંદિપ સિંહ હતું જેને માતા ભજન કૌરની હત્યા કરી દીધી હતી. મર્ડર ઈન્વેસ્ટિગેશન ટીમના ડિટેક્ટિવ ચીફ ઈન્સ્પેક્ટર માર્ક સિંસ્કીએ કહ્યું કે આ એક ચોંકાવનારો ઘટનાક્રમ હતો.

# મહારાષ્ટ્રમાં લગ્નમાં જઈ રહેલી પ્રાઈવેટ બસ પલટી

। રાયગઢ, તા.૨૦ ।

મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં એક ભયાનક રોડ અકસ્માતની ઘટના બની છે શુક્રવારે સવારે લગ્ન સમારોહમાંથી લોકોને લઈ જઈ રહેલી હાઈસ્પીડ બસ પલટી જતાં પાંચ લોકોના મોત થયા હતા. જ્યારે ૨૭ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પોલીસે આ અકસ્માત અંગે માહિતી આપી છે.એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ અકસ્માત સવારે ૯.૧૫ વાગ્યે માનગાંવ નજીક તામહિની ઘાટ પર થયો હતો. બસ પુણેના લોહેગાંવથી મહાડના બિરવાડી તરફ જઈ રહી હતી. ત્યારે એક વળાંક પર ચાલકે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ પછી બસ પલટી મારી ગઈ હતી. બસે પલટી મારતા ૫ લોકોના મોત થયા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ દુર્ઘટનામાં બે પુરૂષ અને ત્રણ મહિલાઓ સહિત પાંચ લોકોના મોત થયા છે. ૨૭ ઘાયલ લોકોને માનગાંવ ગ્રામીણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચાર મૃતકોની ઓળખ સંગીતા જાધવ, ગૌરવ દરાડે, શિલ્પા પવાર અને વંદના જાધવ તરીકે થઈ છે, જ્યારે એક વ્યક્તિની ઓળખ થઈ શકી નથી.

આશરે ૩૦ જેટલા બાળકોનાં મોત

વીમાન-ઇન-નીડ-ઓફ-ગાઇડન્સ એન્ડ સપોર્ટ ફાઉન્ડેશન દ્વારા આ ફનફેરનું આયોજન કરાયું હતું

# દક્ષિણ પશ્ચિમ નાઈજિરિયામાં સ્કૂલ દ્વારા આયોજિત ફનફેરમાં ધક્કામુક્કી

। બાસોરૂન, તા.૨૦ ।

દક્ષિણ પશ્ચિમ નાઈઝિરિયાનાં ઓયો રાજ્યના બાસોરૂન શહેર સ્થિત ઈસ્લામિક હાઈસ્કૂલમાં યોજાયેલા એક ફનફેરમાં ધક્કામુક્કી થતાં ૩૦ બાળકોના ચકદાઈ જવાથી મૃત્યુ થયા હતા અને અનેકને ઈજાઓ થઈ હતી.આ અંગે વધુ માહિતી આપતાં ગવર્નર સેયી માકીન્ડેએ જણાવ્યું હતું કે, આ અત્યંત દુઃખદ ઘટના છે. હજી સુધી પ્રાપ્ત અહેવાલો પ્રમાણે ૩૦ બાળકોના ધક્કામુક્કીમાં ચકદાઈ જવાથી મૃત્યુ થયા છે. અનેક લોકોને ઈજાઓ થઈ છે જે બાળકો મૃત્યુ પામ્યા છે, તેમના માતા-પિતા પ્રત્યે અમારી પૂરેપુરી સહાનુભૂતિ છે. આ ઘટના પછી પોલીસે આયોજકોની ધરપકડ કરી છે તથા નેશનલ ઈમર્જન્સી



સર્વિસને કામે લગાડાઈ છે.સ્થાનિક મીડિયા જણાવે છે કે, વીમાન-ઈન-નીડ-ઓફ-ગાઈડન્સ એન્ડ સપોર્ટ ફાઉન્ડેશન દ્વારા આ ફનફેરનું આયોજન કરાયું હતું. ગત વર્ષે પણ તેઓએ આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું. ઓયો સ્થિત અગીડીગ્બો એફએમ રેડીયો જણાવે છે કે, આ કાર્યક્રમના આયોજકોએ એવું જાહેર કર્યું હતું કે, જે બાળકો આ કાર્યક્રમમાં ભાગ લઈ પહેલા, બીજા, ત્રીજા આવશે તે બાળકોને સ્કોરશીપ તથા ઘણી સુંદર ભેટો અપાશે. આ કારણસર જ પ્રમાણમાં ઓછી જગામાં બહુ મોટી સંખ્યામાં બાળકો ભેગા થયાં હતા તેથી ધક્કામુક્કી થઈ અને તેમાં ૩૦ બાળકોના મૃત્યુ થયા હતા અને અનેકને ઈજાઓ થઈ હતી. નાઈઝિરિયાનાં ઓયો રાજ્યના બાસોરૂન શહેર સ્થિત ઈસ્લામિક હાઈસ્કૂલમાં યોજાયેલા એક ફનફેરમાં ધક્કામુક્કી થતાં ૩૦ બાળકોના ચકદાઈ જવાથી મૃત્યુ થયા હતા અને અનેકને ઈજાઓ થઈ હતી.

કાયદા મહિલાઓના કલ્યાણ માટે છે | પતિ સારું કમાતો હોય તો ભરણપોષણ ભથ્થું વધારે ન માંગી શકાય : સુપ્રીમ કોર્ટ દ્વારા ટકોર કરવામાં આવી

# હિન્દુ લગ્ન પવિત્ર સંસ્થા છે કોઈ બિઝનેસ નહિ : સુપ્રીમ કોર્ટ

। નવી દિલ્હી, તા.૨૦ ।

સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે મહિલાઓના કલ્યાણ માટે બનેલા કાયદાનો દુરુપયોગ તેમના પતિને હેરાન કરવા, ધમકાવવા અથવા પૈસા પડાવવા માટે થવો જોઈએ નહીં. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભરણપોષણનો અર્થ ભૂતપૂર્વ જીવનસાથીઓની નાણાકીય સ્થિતિને સમાન બનાવવા માટે નથી, પરંતુ આશ્રિત મહિલાને જીવનધોરણનું વાજબી ધોરણ પૂરું પાડવા માટે છે.કોર્ટે ચુકાદો આપ્યો હતો કે ભૂતપૂર્વ પતિ તેની



વર્તમાન નાણાકીય પરિસ્થિતિના આધારે તેની ભૂતપૂર્વ પત્નીને અનિશ્ચિત સમય સુધી ભરણપોષણ આપવા માટે બંધાયેલા ન હોઈ શકે. તેણે એમ પણ કહ્યું કે હિંદુ લગ્નને એક પવિત્ર સંસ્થા માનવામાં આવે છે, કુટુંબનો પાયો છે, કોઈ બિઝનેસ નથી. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને પંકજ મીઠાની બેન્ચે જણાવ્યું હતું કે, 'મહિલાઓએ સાવચેત રહેવાની જરૂર છે કે તેમના હાથમાં કાયદાની આ કડક જોગવાઈઓ તેમના કલ્યાણ માટે ફાયદાકારક છે અને તેમના પતિઓને સજા કરવા, ધમકાવવા અથવા ડરાવવા માટે કે પૈસા પડાવવા માટે નથી.' સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક મહત્વપૂર્ણ કેસની સુનાવણી દરમિયાન પત્ની દ્વારા તેના પતિની રૂ. ૫૦૦૦ કરોડની મિલકતમાંથી ભરણપોષણ તરીકે મોટી રકમની માંગણી સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. આ કેસમાં એક અરજી સામેલ હતી જેમાં એક પત્નીએ છૂટાછેડા પછી તેના પતિ પાસેથી મોટી રકમની માંગણી કરી હતી, ખાસ કરીને જ્યારે પતિએ તેની પ્રથમ પત્નીને ૫૦૦ કરોડ રૂપિયા ભરણપોષણ તરીકે આપી દીધા હતા. આ મામલો એટલો જટિલ હતો કે સુપ્રીમ કોર્ટના મહિલા ન્યાયાધીશ જસ્ટિસ બી. વી. નાગરત્નાએ આ અંગે વિગતવાર વિચારણા કરી અને પત્નીની ભારે માંગ પર કડક ટિપ્પણી કરી હતી. જજે સ્પષ્ટ કહ્યું કે આ માગણી સંપૂર્ણપણે કાયદાની વિરુદ્ધ છે અને આ પ્રકારનો દાવો માત્ર આર્થિક સ્થિતિના આધારે કરી શકાય નહીં. કોર્ટે પત્નીના દાવાને ફગાવી દીધો અને તેને માત્ર ૧૨ કરોડ રૂપિયા ભરણપોષણ તરીકે ચૂકવવાનો આદેશ આપ્યો.

CMYK

## સૌરાષ્ટ્રની સૌથી મોટી રાજકોટ સિવિલમાં સસ્તી સેવાના નામે નર્યો દેખાડો

। રાજકોટ, તા.૨૦ ।

ઘરમાં કોઈ મેડિકલ ઈમરજન્સી આવી ગઈ અને રાજકોટ સિવિલ હોસ્પિટલ જવાનું થયું તો હોસ્પિટલમાંથી એમ્બ્યુલન્સ મળશે એવી આશા ના રાખતા કારણ કે રાજકોટ સિવિલ હોસ્પિટલની ૧૪માંથી માત્ર ૪ જ એમ્બ્યુલન્સ ચાલુ હાલતમાં છે. બાકી ૧૦ એમ્બ્યુલન્સ કટાયેલી સ્થિતિમાં છે. હોસ્પિટલની દશાની જેમ જ એમ્બ્યુલન્સના ટાયર પણ પંચર હાલતમાં છે.રાજકોટની સિવિલ હોસ્પિટલ તંત્રની લાલિયાવાડીનો વધુ એક બોલતો પૂરાવો સામે આવે છે. સિવિલમાં ઈમરજન્સીમાં દર્દીઓ લાાવવા, લઈ જવા માટેની એમ્બ્યુલન્સ જ નાદુરસ્ત હાલતમાં પડી છે. દર્દીઓ ખાનગી એમ્બ્યુલન્સ લેવા મજબુર બની રહ્યા છે. હાલ સિવિલ હોસ્પિટલની ૧૪ પૈકી માત્ર ૪ હોસ્પિટલ જ કાર્યરત છે.

### કંડલા બંદરે સોપારીકાંડ

# વિદેશના બહાને ભારતના બજારોમાં ૫૫૦ કરોડની સોપારી વેચી કરચોરી કરાઈ!!

**મલેશિયા અને સિંગાપુરમાંથી સોપારી કંડલા બંદરે પહોંચાડી હતી જ્યાંથી તેને વિદેશ સપ્લાય કરવા ઉતારી હતી**

। માહિતી બ્યુરો,કંડલા, તા.૨૦ ।

ગુજરાતના મુંદ્રા બંદર, કંડલા બંદર મુખ્યત્વે હવે સ્મગલિંગનું હબ બની ગયું હોય એમ લાગી રહ્યું છે. સોપારી પર ૧૧૦ ટકા કસ્ટમ્સ ડ્યુટી લાગે છે ત્યારે વરસૂરૂ ઈમ્પેક્ષ કંપનીના માલિક નવાઝ ચૌધરીએ મલેશિયા અને સિંગાપુરમાંથી સોપારી કંડલા બંદરે પહોંચાડી હતી જ્યાંથી તેને વિદેશ સપ્લાય કરવા ઉતારી હતી. પણ ભારતના બજારોમાં વેચીને ૫૦૦ કરોડનું કૌભાંડ આચર્યા હોવાનું ડીઆરઆઈ તપાસમાં બહાર આવ્યું છે.



દિલ્હીની વરસુરૂ ઈમ્પેક્ષના માલિક નવાઝ ચૌધરી આ કૌભાંડમાં સામેલ હોવાનું જણાતા ઈડીએ ઊંડી તપાસ શરૂ કરી હતી. વિદેશના બહાને ભારતના બજારોમાં સોપારી વેચતા ૫૫૦ કરોડની કરચોરી કરવામાં આવ્યું હોવાના ખુલાસા થયા છે. કન્ટેનરો કંડલા બંદરમાં વેરહાઉસ ખાતે રાખવામાં આવ્યા હતા. પોર્ટ પરથી કન્ટેનરો નીકળે ત્યારે હાઈવે પરથી સોપારી કાઢી રેતીની ગુણો ભરી દેવાતી હતી. છેલ્લા ૪ વર્ષથી આ કૌભાંડ ચાલતું હોવાનું પણ ખુલાસો થયો છે. લોકલ માર્કેટમાં માલ વેચી દેવામાં આવ્યો હોવાની બાતમીના આધારે ઢઈએ તપાસ હાથ ધરી હતી. જેમાં અમદાવાદમાં ગુટખા બનાવતા વેપારીઓને સોપારી વેચી દેવાઈ હતી. તેમજ તપાસમાં એક બાદ એક તાર જોડાતા દિલ્હીના નવાઝ ચૌધરીનું નામ સામે આવી તેની ધરપકડ કરી દેવામાં આવી છે.ઈડીના સૂત્રોના મતે અમદાવાદ, સુરત, આણંદ, નડિયાદ અને કચ્છમાં પણ ગુટખા બનાવતી ફેક્ટરીઓને સોપારીનું વેચાણ કરવામાં આવી હતી. જેમાં જૈન બ્રધર્સની ગુટખા કંપનીઓને પણ સોપારી સપ્લાય કરવામાં આવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. ગુજરાતના મુંદ્રા બંદર, કંડલા બંદર મુખ્યત્વે હવે સ્મગલિંગનું હબ બની ગયું હોય એમ લાગી રહ્યું છે.

**આ અંગે સાયબર ક્રાઇમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે**

**કાંકરેજ થરાના યુવકને અજાણ્યા શખ્સોએ દિલ્હી ક્રાઇમ બ્રાંચના ઓફિસરની ઓળખ આપી હતી**

# કાંકરેજના યુવકને ડિજિટલ એરેસ્ટ કરી રૂ. ૨૮.૧૯ લાખની છેતરપિંડી

। પ્રતિનિધિ, પાલનપુર, તા.૨૦ ।

કાંકરેજ તાલુકાના થરાના યુવકને અજાણ્યા શખ્સોએ દિલ્હી ક્રાઇમ બ્રાંચના ઓફિસરની ઓળખ આપી યુવકના નામના પાર્સલમાં ડ્રગ્સ હોવાનું કહી રૂ. ૨૮.૧૯ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી દીધા હતા. આ અંગે યુવકે પાલનપુર સાઈબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. કાંકરેજ તાલુકાના થરાના ભક્તિનગરના ધમેન્દ્રકુમાર પ્રવિણચંદ્ર જોષી (હાલ રહે. અમદાવાદ) વિદેશની એક કંપનીમાં ફરજ બજાવે છે. તેઓ ૧૩ ઓક્ટોબર ૨૦૨૪ના દિવસે થરા તેમના ઘરે હતા ત્યારે અજાણ્યા શખ્સે દિલ્હીના કુરિયરમાંથી બોલું છું તેમ કહી તમારૂ પાર્સલ થાઈલેન્ડથી પરત આવ્યું છે. જેમાં ડ્રગ્સ, ક્રેડિટ કાર્ટ અને મની લોડન્ડરિંગ લગતની મેટર છે.પાર્સલમાં તમારુ આધારકાર્ડ અને મોબાઈલ નંબર આપેલો છે. જો તમારૂ પાર્સલ ન હોય તો કોલ દિલ્હી ક્રાઈમ બ્રાંચ પોલીસને ટ્રાન્સફર કરીએ છીએ જ્યાં આધારકાર્ડનો દૂરપયોગ થયો હોવાની કમ્પલેઈન લખાવી દેજો તેમ કહી ફોન કટ કરી દીધો હતો. તે પછી બપોરના સુમારે બીજા મોબાઈલ નંબરથી ફોન આવ્યો હતો. જેમાં અજાણ્યા શખ્સે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચની ઓળખ આપી પાર્સલ, આધારકાર્ડ, મોબાઈલ નંબરનું વેરીફિકેશન કરવાનું કહ્યુ હતુ.






















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya